પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ • અંક : ૧૪૫ • કુલ પાના : ૪ • તારીખ : ૧૦-૦૨-૨૦૨૩ શુક્રવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## તુર્કી-સિરિયામાં ભૂકંપથી ૧૫ હજારથી વધુના મોત : સિરિયામાં કુદરતના કહેર સામે ૩ લાખ લોકો થયા ઘરવિહોણા થયા

અલેપ્પા,

તુર્કી અને સીરિયામાં સોમવારે આવેલા ૩ મોટા ભૂકંપોએ ભારે તબાહી મચાવી છે.બંને દેશોમાં મૃત્યુઆંક ૧૫ હજારને પાર થઈ ગયો છે. ઘાયલોની સંખ્યા ૪૦ હજારની નજીક પહોંચી ગઈ છે. ડબ્લ્યુએચઓ અને યુએન સહિત વિશ્વના ૭૦ થી વધુ દેશો મદદ માટે આગળ આવ્યા છે. સ્થાનિક મીડિયા અનુસાર, સીરિયામાં ૩ લાખ લોકો ઘર વીનાના થઈ ગયા છે.



તુર્કીમાં ભૂકંપ બાદ સ્થિતિ વધુ ખરાબ થઈ રહી છે. ભૂકંપે ચારેય તરફ વિનાશ વેર્યો છે. હજી પણ કાટમાળમાં અનેક મૃતદેહો દટાયેલા પડ્યા છે. ભૂકંપમાં અનેક ઈમારતો ધરાશાયી થઈ ગઈ હતી. જેના કારણે હજારો લોકો ઘરવિહોણા થઈ ગયા છે. બીજી તરફ તુર્કીમાં ભારે ઠંડીની વચ્ચે હિમવર્ષા પણ થઈ રહી છે. ઘરવિહોણા થયેલા અનેક લોકોના તીવ્ર ઠંડીના કારણે મોતને ભેટી રહ્યા છે. નીચા તાપમાનને કારણે બચાવ કામગીરીમાં મુશ્કેલી પડી રહી છે. ઘણા શહેરોમાં તાપમાન ૯ થી માઈનસ ૨ ડિગ્રી સેલ્સિયસ સુધી ઘટ્યું છે. આરોગ્ય નિષ્ણાતોનું કહેવું છે કે આવી સ્થિતિમાં લોકોને હાયપોથર્મિયા થવાનું જોખમ વધુ છે.

સરકાર પર વધતા લોકોના ગુસ્સા વચ્ચે, તુર્કીના રાષ્ટ્રપતિ રેસેપ તૈયપ એર્દોગને સ્વીકાર્યું છે કે ભૂકંપ બાદ અમે શરૂઆતમાં લોકોને રાહત પહોંચાવામાં નિષ્ફળ રહ્યા હતા. ખરેખરમાં, ભૂકંપ પછી, ઘણા વિસ્તારોમાં લોકોએ બચાવકર્મીઓના મોડા આવવાની તેમજ સમયસર રાહત સામગ્રી ન મળવાની ફરિયાદ કરી હતી અને સરકાર પર બેદરકારીનો આરોપ લગાવ્યા હતા.જો કે, રાષ્ટ્રપતિ એર્દોગને કહ્યું કે સરકાર તમામ લોકોને મદદ કરવા માટે શક્ય તમામ પ્રયાસો કરી રહ્યા છે અને દેશમાં કોઈ પણ લોકો ઘરવિહોણા નહીં રહે.

આ દરમિયાન તુર્કીમાં ટ્વિટર બ્લોક કરી દેવામાં આવ્યું છે. ખરેખરમાં, તુર્કીની સરકારે ગયા વર્ષે ઓક્ટોબરમાં સોશિયલ મીડિયા પર દુષ્પ્રચાર વિરુદ્ધ એક બિલ પસાર કર્યું હતું. જે હેઠળ, જો સોશિયલ મીડિયા કંપનીઓ તેમની સાઈટ્સથી તુર્કી સંબંધિત ખોટી માહિતીને દૂર નહીં કરે, તો તેમના પર પ્રતિબંધો લાદવામાં આવશે. દેશમાં વાંધાજનક પોસ્ટ માટે અત્યાર સુધીમાં ૧૮ લોકોની અટકાયત કરવામાં આવી છે અને ૫ની ધરપકડ કરવામાં આવી છે.

તુર્કીમાં ૯,૦૫૭ લોકોએ જીવ ગુમાવ્યા છે અને ૩૫ હજારથી વધુ લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે.જયારે સીરિયામાં લગભગ ૩,૦૦૦ લોકો માર્યા ગયા અને ૪,૦૦૦ થી વધુ ઘાયલ થયા. તુર્કીમાં ૮ હજારથી વધુ લોકોને બચાવવામાં આવ્યા છે. બચાવ કાર્ય માટે ૬૦ હજારથી વધુ બચાવકર્મીઓ તહેનાત કરવામાં આવ્યા છે. તુર્કીના કહામનમારસ શહેરમાં ભારે તારાજી સર્જાઈ છે. લોકો કાટમાળ નીચે પોતાના પરિવારજનોને શોધી રહ્યા છે. ભૂકંપના કારણે અલેપ્પો શહેરમાં વેસ્ટર્ન ટાવરને નુકસાન થયું છે.

ભૂકંપનું કેન્દ્ર તુર્કી હતું. આ જોતાં નિષ્ણાતો કહે છે કે અહીંની ટેકટોનિક પ્લેટ્સ ૧૦ ફૂટ (૩ મીટર) સુધી ખસી ગઈ છે. ખરેખરમાં, તુર્કી ૩ ટેકટોનિક પ્લેટની વચ્ચે વસેલું છે. આ પ્લેટો એનાટોલીયન ટેકટોનિક પ્લેટ, યુરેશિયન અને અરેબિયન પ્લેટ છે.નિષ્ણાતોના મતે એનાટોલીયન ટેકટોનિક પ્લેટ અને અરેબિયન પ્લેટ એકબીજાથી ૨૨૫ કિલોમીટર દૂર સરકી ગઈ છે. આ કારણે તુર્કી તેના ભૌગોલિક સ્થાનથી ૧૦ ફૂટ સરકી ગયું છે. ઈટાલીના સિસ્મોલોજિસ્ટ ડૉ. કાર્લો ડોગ્લિયોનીએ જણાવ્યું કે ટેકટોનિક પ્લેટ્સમાં આ ફેરફારને કારણે તુર્કી સીરિયા કરતાં ૫ થી ૬ મીટર (લગભગ ૨૦ ફૂટ) વધારે અંદર ધસી ગયું હશે. તેમણે કહ્યું- જોકે આ માહિતી પ્રારંભિક ડેટાથી મળી છે. આગામી દિવસોમાં સેટેલાઈટ ઈમેજીસ પરથી સચોટ માહિતી મળશે.

તુર્કી અને સીરિયામાં ૬ ફેબ્રુઆરીની સવારે ૩ મોટા ભૂકંપ આવ્યા હતા. તુર્કીના સમય અનુસાર, પહેલો ભૂકંપ સવારે લગભગ ૪ વાગ્યે (૭.૮), બીજો સવારે ૧૦ વાગ્યે (૭.૬) અને ત્રીજો બપોરે ૩ વાગ્યે (૬.૦) વાગ્યે આવ્યો હતો. આ સિવાય ૨૪૩ આફટરશોક્સ પણ નોંધાયા હતા. તેમની તીવ્રતા ૪ થી ૫ હતી. તુર્કીમાં ૭ ફેબ્રુઆરીએ સવારે ૮.૫૩ વાગ્યે બીજો ભૂકંપ આવ્યો હતો. આ પછી બપોરે ૧૨.૪૧ કલાકે ૫.૪ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો.

આ ભૂકંપે આ બંને દેશોને આગામી કેટલાક દાયકાઓ સુધી અવિસ્મરણીય પીડા આપી છે. ભૂકંપ પછી સેટેલાઈટ તસવીરો દર્શાવે છે કે અહીંના ઘણા શહેરો અને વિસ્તારો ખંડેર અને કાટમાળમાં ફેરવાઈ ગયા છે. ભૂકંપથી દક્ષિણના શહેરો એન્ટાક્યા અને કહરામનમારસને સૌથી વધુ નુકસાન થયું છે અને અહીંની ઘણી ઊંચી ઈમારતો જમીનદોસ્ત થઈ ગઈ છે. સેટેલાઈટ દ્વારા લેવામાં આવેલી તસવીરોમાં અહીં ચાલી રહેલી રાહત કામગીરીમાં મદદ કરવા માટે ખુલ્લા વિસ્તારોમાં અને સ્ટેડિયમમાં બનાવવામાં આવેલા સેંકડો ઈમરજન્સી આશ્રયસ્થાનો પણ બહાર આવ્યા છે.

## કચ્છના ભચાઉમાં ફરી ભૂકંપ : ૩.૦ની તિવ્રતાથી ધરતી ધ્રૂજી

ભુજ,

કચ્છમાં વારંવાર ધરતી ધ્રુજવાની ઘટનાઓ બનતી રહે છે, ત્યારે આજે કચ્છના ભચાઉમાં ભુકંપથી ધરતી ધ્રૂજી ઉઠી છે. આજે રાત્રે ૯ કલાકને ૮ મિનિટે આવેલા ભૂકંપના કારણે લોકોમાં ગભરાટ ફેલાયો છે. રિએક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૩.૦ આંકવામાં આવી છે. આ ભૂકંપનું કેન્દ્ર બિંદુ ભચાઉથી ૨૪ કિલોમીટર દૂર હોવાના અહેવાલો મળ્યા છે.

૧૧મી જાન્યુઆરીએ સવારે ૧૦.૫૭ વાગ્યે કચ્છના ભચાઉમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતાં. ૨.૯ની તીવ્રતાનો ભૂકંપ આવતાં જ લોકો ઘરની બહાર દોડી ગયાં હતાં. ભચાઉથી ૧૬ કિ.મી દૂર ભૂકંપનું કેન્દ્ર બિંદુ હોવાનું જાણવા મળ્યું હતું.

૧૦ ડિસેમ્બરે બનાસકાંઠા સહિત ઉત્તર ગુજરાતમાં ધરતી ધ્રુજી ઉઠતા લોકો ઘરની બહાર દોડી આવ્યા છે. ભૂકંપનો આંચકો આવતા જ લોકોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો. બનાસકાંઠા સહિત ઉત્તર ગુજરાતનાં કેટલાક વિસ્તારોમાં ૨૦ સેકન્ડ સુધી ધરતી ધ્રૂજી ઉઠી હતી. ભૂકંપ આજે બપોરે ૪.૨૭ વાગે આવ્યો હતો.

વલસાડમાં ૧ ડિસેમ્બરે રિએક્ટર સ્કેલ પર ૩.૩ ની તીવ્રતાના ઉપરાઉપરી બે ભૂકંપો આવ્યા બાદ ૫મી ડિસેમ્બરે કચ્છના ખાવડાથી ૨૮ કિ.મી. ઉત્તરે સવારે ૪.૧૭ વાગ્યે ૩.૨નો ધરતીકંપ રાજ્યના સિસ્મોલોજી સેન્ટરમાં નોંધાયો હતો. કચ્છમાં મોટી ફોલ્ટલાઈન છે અને ત્યાં અવારનવાર ભૂકંપ આવતા હોય છે પરંતુ, ૫મીએ આવેલો ભૂકંપ જમીનથી માત્ર ૫.૯ કિ.મી. ઉંડાઈએ ઉદ્ભવ્યો હતો.

અમરેલી પંથકમાં ૧૭ ડિસેમ્બરે ભૂકંપના ઉપરાઉપરી ચાર હળવા આંચકા નોંધાયાનું સિસ્મોલોજીકલ સેન્ટરના સૂત્રોએ જણાવ્યું હતું. તેનું કેન્દ્રબિંદુ અમરેલીથી ૩૨થી ૪૪ કિ.મી. દૂર દક્ષિણ અને ઉત્તર બન્ને દિશામાં નોંધાયું હતું. અમરેલીથી અહેવાલ પ્રમાણે સાવરકુંડલા તાલુકાના મિતિયાળા પંથકમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. જેની તીવ્રતા ૨.૦ અને ૨.૨ નોંધાઈ છે અને તમામ આંચકા ધરતીની ઉપરી સપાટી પર ઉદભવ્યા હતા. પ્રાથમિક રીતે આ આંચકા ઉદભવવાનું કારણ ભૂગર્ભ જળસ્તરમાં ફેરફાર મનાય છે.

## અદાણી એન્ટરપ્રાઈઝના શેર ૧૦ ટકા ઘટ્યા : એક દિવસ અગાઉ ૨૩ ટકા વધ્યા હતા

નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે હિન્ડનબર્ગ રિપોર્ટ પર સુનાવણી કરવા માટે સંમતિ દર્શાવી છે. એડવોકેટ વિશાલ તિવારીએ દાખલ કરેલી અરજી પર શુક્રવારે સુનાવણી થશે. જેમાં સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશની દેખરેખ હેઠળ એક સમિતિની રચના કરવાની માગ કરવામાં આવી છે. એડવોકેટે ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડની આગેવાની હેઠળની બેન્ચ સમક્ષ આ મામલાની અર્જન્ટ લિસ્ટિંગની અપીલ કરી હતી.

૨૪ જાન્યુઆરીના રોજ, હિન્ડનબર્ગ રિસર્ચે અદાણી ગ્રુપને લઈને એક રિપોર્ટ પબ્લિશ કર્યો હતો. રિપોર્ટમાં ગ્રુપ પર મની લોન્ડરિંગથી લઈને શેરની હેરાફેરી સુધીના આરોપો લગાવવામાં આવ્યા હતા. રિપોર્ટ બાદ ગ્રુપના શેરમાં ભારે ઘટાડો જોવા મળ્યો હતો. શુક્રવારે એટલે કે ૩ ફેબ્રુઆરીએ અદાણી એન્ટરપ્રાઈઝનો શેર ૧૦૦૦ રૂપિયાની નજીક પહોંચી ગયો હતો. જોકે, પાછળથી તેમાં રિકવરી જોવા મળી હતી.

બીજીબાજુ, ભારતીય શેરબજારમાં સવારથી જ વેચવાલી જોવા મળી રહી છે. સેન્સેક્સ અને નિફ્ટી બન્ને મામૂલી ઘટાડા સાથે કારોબાર કરી રહ્યા છે. બજારના આ ઘટાડાની અસર અદાણી ગ્રુપના શેર્સ પર પણ જોવા મળી રહી છે. અદાણી ગ્રુપની ફ્લેગશિપ કંપની એન્ટરપ્રાઈઝિસનો શેર આજે ૧૦% નીચે છે. ગઈકાલે અદાણી એન્ટરપ્રાઈઝમાં ૨૩%નો વધારો જોવા મળ્યો હતો.

અદાણી ગ્રુપ તેની $૫૦૦ મિલિયન (આશરે ૪,૦૦૦ કરોડ રૂપિયા)ની બેંક લોન સમય પહેલા ચૂકવવાની તૈયારી કરી રહ્યું છે. બ્લૂમબર્ગના રિપોર્ટ પ્રમાણે, ગ્રુપ આવતા મહિને આવું કરી શકે છે. અદાણી ગ્રુપે ગયા વર્ષે હોલસીમ લિમિટેડની સિમેન્ટ એસેટ્સ ખરીદવા માટે ૪.૫ બિલિયનની લોન લીધી હતી.

આ લોન બાર્કલેઝ પીએલસી, સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ પીએલસી અને ડોઈશ બેંક સહિત અનેક બેંકો પાસેથી લીધી હતી. આ લોનનો એક ભાગ ૯ માર્ચે ચૂકવવાનો છે. અદાણી ગ્રુપ આ લોન સમય પહેલા જ ચૂકવવાની તૈયારી કરી રહ્યું છે. અદાણી ગ્રુપે જણાવ્યું હતું કે આ લોનના કેટલાક ભાગને રિફાઈનાન્સ કરવા માટે બેંકો સાથે વાતચીત કરવામાં આવી રહી હતી, પરંતુ હવે તેમણે લોનની ચૂકવણી કરવાનો નિર્ણય લીધો છે.

ફ્રાન્સની ટોટલ એનર્જીએ અદાણી ગ્રુપ સાથેની હાઈડ્રોજન પાર્ટનરશિપને હાલ માટે અટકાવવામાં દીધી છે. હિન્ડનબર્ગના આરોપો અને ઓડિટની માગણીઓને કારણે પ્રોજેક્ટને રોકી દેવામાં આવ્યો છે. એમએસસીઆઈએ ગ્રુપ પર રિવ્યૂ કરવાનું કહ્યું છે, જે તેના માટે નેગેટિવ સમાચાર છે.

અદાણી વિલ્મર લિમિટેડે બુધવારે તેના ત્રીજા ત્રિમાસિક પરિણામો જાહેર કર્યા હતા. કંપનીનો નફો ૧૬.૫% વધીને ૨૪૬ કરોડ રૂપિયા પર પહોંચી ગયો છે. એક વર્ષ અગાઉના સમાન ત્રિમાસિક ગાળામાં તેમનો નફો ૨૧૧ કરોડ રૂપિયા હતો. કામગીરીમાંથી કંપનીની આવક ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં ૧૪,૩૭૦.૯૨ કરોડ રૂપિયાથી વધીને ૧૫,૪૩૮.૦૫ કરોડ રૂપિયા થઈ છે.

## લઘુમતિના છાત્રાઓની સ્કોલરશિપ બંધ થવાથી વાલીઓ પરેશાન થયા

નવીદિલ્હી,

કેન્દ્ર સરકારના અલ્પસંખ્યક છાત્રવૃતિ સ્કોલરશિપ બંધ કરવાના નિર્ણયથી ખુબ લોકો દુખી છે સ્કોલરશિપ હેઠળ છાત્રોને એક હજાર રૂપિયા વાર્ષિક મળતા હતાં પરંતુ હવે સરકારે સ્કોલરશિપ બંધ કરી દીધી છે.સિલાઈ મશીન ચલાવી પોતાનું ઘર ચલાવનારા આફરીના કુરૈશીના જણાવ્યા અનુસાર તેમની બે પુત્રીઓ છે અને ઘર ચલાવનારી આ એકલી મહિલા છે કેન્દ્ર સરકારથી મળનારી છાત્રવૃત્તિથી તેમને થોડી રાહત મળી જતી હતી આફરીના કુરૈશીએ કહ્યું કે સ્કોલરશિપથી બાળકોના ડ્રેસ લેતા હતાં અથવા પુસ્તકો આવતી હતી સ્કુલોનો ખુબ ખર્ચ થતો હતો જો કે સ્કોલરશિપના પૈસાથી તે પુરો કરવામાં આવતો હતો સ્કોલરશિપના પૈસા નહીં આવતા અમારે વધુ કામ કરવું પડશે

આવી જ રીતે કહકંશા ખાન બે પુત્રીઓની સાથે એક મકગાનમાં ભાડાના મકાનમાં રહે છે કઢાઈનું કામ કરી તે મુશ્કેલથી એક મહીને સાત આઠ હજાર કમાઈ લે છે તેમણે સ્કોલરશિપ બંધ થવા પર દુખ વ્યકત કરતા કહ્યું કે હજાર રૂપિયામાં બાળકો માટે સ્કુલ યુનિફોર્મ અને પુસ્તકો આવતા હતાં હવે કામમાં ડબલ મહેનત થઈ ગઈ છે.હવે પૈસા માટે મારે વધારે કામ કરવું પડશે

હકીકતમાં વર્ષ ૨૦૦૬માં કેન્દ્ર સરકારે અલ્પસંખ્યક છાત્રોને સ્કોલરશિપની શરૂઆત કરી હતી પહેલાથી આઠમાં ધોરણના છાત્રો માટે પ્રી મેટ્રિક સ્કોલરશિપ અને એમપીએચઆઈએલ પીએચડી છાત્રો માટે મૌલાના આઝાદ નેશનલ ફેલોશિપની શરૂઆત કરવામાં આવી હતી આ સ્કોલરશિપ તે છાત્રોને મળતી હતી જેના પરિવારની વાર્ષિક આવક એક લાખથી ઓછી હતી અને છાત્રોના ૫૦ ટકાથી વધુ અંક આવતા હતાં.

વર્ષ ૨૦૧૪ ૨૦૨૨ સુધી લગભગ ૫.૨ કરોડ પ્રી મેટ્રિક સ્કોલરશિપ આપવામાં આવી અને ૬,૭૨૨ છાત્રોને મૌલાના આઝાદ નેશનલ ફેલોશિપ આપવામાં આવી હતી પરંતુ હવે કેન્દ્રલ સરકારે તેને એમ કહી બંધ કરી દીધી કે ધો.૮ સુધી અભ્યાસના અધિકાર હેઠળ મફત થાય છે મુસલમાનો ઉપરાંત જૈન શિખ પારસી ઈસાઈ અને બૌધ્ધ છાત્રોને આ છાત્રવૃત્તિ આપવામાં આવતી હતી જયારે સ્કોલરશિપ બંધ કરનારા વિરોધમાં મુંબઈના આઝાદ મેદાનમાં તાજેતરમાં જ કેન્દ્ર સરકારના વિરોધમાં પ્રદર્શન પણ કરવામાં આવ્યું હતું.

## બુલેટ ટ્રેનની દેશને જરૂર છે, બોમ્બે હાઈકોર્ટે ગણાવ્યો ડ્રીમ પ્રોજેક્ટ

મુંબઈ,

મુંબઈ-અમદાવાદ હાઈ સ્પીડ રેલ પ્રોજેક્ટ માટે ભૂમિ અધિગ્રહણને પડકારનાર ગોદરેજ એન્ડ બોયસ દ્વારા કરવામાં આવેલ યાચિકાને રદ કરતા બોમ્બે હાઈકોર્ટે કહ્યું કે, આ એક ડ્રીમ પ્રોજેક્ટ છે અને દેશને આની જરૂર છે.

જસ્ટિસ આરડી ધાનુકા અને એમએમ સથાયેની બેન્ચે ગુરુવારે આદેશ આપ્યો હતો કે. "આ પ્રોજેક્ટ રાષ્ટ્રીય મહત્વ અને જનહિતમાં છે, આમાં કોઈના હસ્તક્ષેપની આવશ્યકતા નથી.

કંપનીને કરવામાં આવેલ વળતરમાં કોઈ ગેરકાયદેસરતા નથી જોવા મળી. અરજદારે અમારી માટે પોતાની વધારાની ન્યાયિક શક્તિનો ઉપયોગ કરવા માટે કેસ નથી કર્યો. તે સામૂહિક હિતમાં છે, જે સર્વોપરી છે. આ પ્રોજેક્ટ તેના પ્રકારનો પ્રથમ હશે."

કંપનીની તરફથી વકીલ નવરોઝ સીરવાઈએ કહ્યું હતું કે, હું સ્ટેની માંગ નથી કરી રહ્યો. હું ફક્ત યથાસ્થિતિની માગ કરી રહ્યો છું. પ્રોજેક્ટ પૂર્ણ થવાને આરે નથી. નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિડેટની તરફથી અતિરિક્ત સોલિસિટર જનરલ અનિલસિંહે આ માગનો વિરોધ કરતા કહ્યું હતું કે, ભૂમિ અધિગ્રહણ કરવાની જરૂર છે. મહારાષ્ટ્ર સરકાર તરફથી પૂર્વ મહાધિવક્તા આશુતોષ કુંભકોનીએ પણ વિરોધ નોંધાવ્યો હતો.

કંપની દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં ડેપ્યુટી કલેક્ટર દ્વારા રૂ. ૨૬૪ કરોડનું વળતર ચૂકવ્યા બાદ કંપનીને ભૂમિ અધિગ્રહણ કરવા માટે ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ પસાર કરવામાં આવેલા વળતરના નિર્ણયને પડકારવામાં આવ્યો હતો. જમીન સંપાદનની કાર્યવાહીને "ગેરકાયદેસર" તરીકે બતાવતા સેરવાઈએ દલીલ કરી હતી કે તેમાં ઘણી ગેરરીતિઓ હતી.

## હિન્ડેનબર્ગ રિસર્ચ ફર્મના રિપોર્ટનો મામલો પહોંચ્યો સુપ્રીમકોર્ટ, આજે સુનાવણી

નવીદિલ્હી,

અદાણી ગ્રૂપને તેના રિપોર્ટ દ્વારા હચમચાવી મૂકનાર હિન્ડેનબર્ગના રિસર્ચ રિપોર્ટ અંગે હવે સુપ્રીમકોર્ટમાં સુનાવણી થવા જઈ રહી છે. સુપ્રીમકોર્ટે આ રિપોર્ટને પડકારતી અરજીઓને સ્વીકારી લીધી છે. અરજદારોએ દાવો કર્યો હતો કે વિદેશી ફર્મે કાવતરું રચ્યું હતું જેનાથી રોકાણકારોને નુકસાન થયું. આ રિપોર્ટ અંગે ભારતમાં સડકોથી લઈને સંસદ સુધી ચર્ચાનો દોર ચાલી રહ્યો છે.

ટોચની કોર્ટ આવતીકાલે આ અરજીઓ પર સુનાવણી હાથ ધરશે. હિન્ડેનબર્ગના રિસર્ચ રિપોર્ટ વિરુદ્ધ એડવોકેટ એમ.એલ.શર્મા અને વિશાલ તિવારી તરફથી બે અલગ અલગ અરજીઓ દાખલ કરાઈ હતી. તિવારીએ મોટી કંપનીઓને ૫૦૦ કરોડ રૂપિયાથી વધુની લોનની મંજૂરી આપવાની નીતિના નિરીક્ષણ માટે એક વિશેષ સમિતિની રચના કરવાનો નિર્દેશ આપવાની માગ કરી હતી. અરજદારોએ આરોપ મૂક્યો હતો કે હિન્ડેનબર્ગે અદાણી સ્ટોક્સના શોર્ટ સેલિંગ માટે કાવતરું ઘડ્યું હતું જેનાથી રોકાણકારોને મોટું નુકસાન થયું.

આ મામલે હવે સીજેઆઈ ચંદ્રચૂડના નેતૃત્વ હેઠળ જસ્ટિસ પી.એસ.નરસિમ્હા અને જસ્ટિસ જે.પી.પારડીવાલાની બેન્ચ સુનાવણી કરશે. ઉલ્લેખનીય છે કે અમેરિકી રિસર્ચ ફર્મ હિન્ડેનબર્ગ દ્વારા અદાણી જૂથની કંપનીઓ દ્વારા દાયકાઓથી એકાઉન્ટિંગ ફ્રોડ કરાયાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. જેના બાદથી અદાણી કંપનીના શેરોમાં મોટો કડાકો જોવા મળ્યો હતો.

## વિધાનસભાના સત્ર પહેલાં ધારાસભ્યોને સંસદિય પ્રણાલી અને વિસ્તારના પ્રશ્નો અંગે તાલીમ અપાશે

ગાંધીનગર,

ગુજરાત વિધાનસભાનું સત્ર આગામી ૨૩ તારીખથી શરૂ થશે. આ સત્ર શરૂ થાય તે પહેલાં તમામ ધારાસભ્યોને સંસદિય પ્રણાલી અને વિસ્તારના પ્રશ્નો અંગે તાલીમ અપાશે. આ માટે વિધાનસભામાં આગામી ૧૫થી ૧૬ ફેબ્રુઆરી ૨ દિવસીય તાલીમ શિબિર યોજાશે. જેમાં વિવિધ વિષયના નિષ્ણાંતો ધારાસભ્યોને તાલીમ આપશે. લોકસભાના સ્પીકર ઓમ બિરલા ઉદ્ઘાટન સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે હાજર રહેશે. આ ઉપરાંત તાલીમ શિબિરમાં ગુજરાતના લોકસભા અને રાજ્યસભાના તમામ સાંસદો, રાજ્યના પૂર્વ મુખ્યમંત્રીઓ,વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ અને રાજકીય પક્ષોના આગેવાનોને પણ આમંત્રણ અપાયું છે.

કેન્દ્રીય બજેટ બાદ હવે ગુજરાતનું બજેટ આગામી ૨૩ ફેબ્રુઆરીએ રજૂ થવાનું છે. સરકાર બન્યા બાદ ભૂપેન્દ્ર પટેલ સરકારનું આ પ્રથમ બજેટ છે. વર્ષ ૨૦૨૩-૨૪નું બજેટ ૨૪ ફેબ્રુઆરીના રોજ વિધાનસભા ગૃહમાં રજૂ કરવામાં આવશે.વિધાનસભા ગૃહમાં રજૂ કરવામાં આવેલા બજેટ પર ૧૬ બેઠકમાં ચર્ચા થશે.વિધાનસભા સત્ર દરમિયાન સરકારી વિધેયકો તેમજ સરકારી કામકાજ માટેની ચર્ચા માટે પાંચ બેઠકો રાખવામાં આવી છે. સરકારી વિધેયકો તેમજ સરકારી કામકાજના પ્રશ્નોની ચર્ચા થશે.

સચિવાલયના સુત્રોના જણાવ્યા પ્રમાણે મુખ્યમંત્રી હસ્તકના શહેરી વિકાસ વિભાગ, નર્મદા અને કલ્પસર વિભાગના પ્રશ્નોના જવાબો વિધાનસભા ગૃહમાં કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલ આપશે. મહેસુલ વિભાગના પ્રશ્નોના જવાબ કેબીનેટ મંત્રી બળવંતસિંહ રાજપૂત આપશે. જ્યારે માર્ગ અને મકાન વિભાગના પ્રશ્નોના જવાબ મંત્રી જગદીશ વિશ્વકર્મા આપશે.

## શિયાળો પૂરો થાય તે પહેલા જ આકરો ઉનાળો જામ્યો, ફેબ્રુઆરીના અંત સુધીમાં મહત્તમ તાપમાન ૩૭થી ૩૮ ડિગ્રી આસપાસ પહોંચી જશે

નવીદિલ્હી,

પવનની દિશા બદલાતા જ તાપમાનમાં ફેરફાર જોવા મળે છે. રાજ્યમાં ઉત્તર પશ્ચિમનો પવન ફૂંકાઈ રહ્યો છે. પવનની દિશા બદલાતા ઠંડીનું જોર ઘટ્યું છે. તાપમાનમાં વધારો થઈ રહ્યો છે. હવામાન વિભાગનો અનુમાન છે કે, આગામી ચાર દિવસ મહત્તમ અને લઘુતમ તાપમાન યથાવત્ રહેશે. તેમજ એક દિવસમાં બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. રાજ્યમાં છેલ્લા એક સપ્તાહમાં મહત્તમ તાપમાન ૩થી ૪ ડિગ્રી સુધી વધી ગયું છે. શિયાળો પૂરો થાય તે પહેલા જ આકરો ઉનાળો શરૂ થઈ ગયો છે ત્યારે આ મહિનાના અંતમાં જ ગરમી




શરૂ થઈ જશે અને પારો ક્યાંક ૩૮ ડિગ્રી સુધી જવાની અને ઉનાળો આકરો રહેવાની વકી છે. છેલ્લા કેટલાક દિવસોથી મહત્તમ અને લઘુતમ તાપમાનમાં સતત વધારો થઈ રહ્યો છે. જો કે, હજુ લઘુતમ તાપમાન ૧૮ ડિગ્રીની આસપાસ રહેતા વહેલી સવારે ફૂલગુલાબી ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે. જ્યારે બપોરે તાપમાનનો પારો ૩૫ ડિગ્રીની આસપાસ રહેતા ગરમી વર્તાઈ રહી છે. આમ બૈવડી ઋતુને કારણે લોકો રોગના ભોગ બની રહ્યાં છે. ત્યારે હવામાન નિષ્ણાતના જણાવ્યા અનુસાર, હાલ તો ઠંડી ઘટી રહી છે અને ગરમીનું પ્રમાણ વધી રહ્યું છે. વહેલી સવારે ઠંડી લાગે છે. જ્યારે મહત્તમ તાપમાન વધવાના કારણે દિવસે ગરમીનું પ્રમાણ વધી રહ્યું છે. લઘુત્તમ તાપમાન પણ વધી જશે. ૧૨ અને ૧૩ ફેબ્રુઆરીના વાદળછાયું વાતાવરણ રહેશે. ૧૯થી ૨૦ ફેબ્રુઆરીએ વાદળછાયા વાતાવરણ વચ્ચે ગરમી જોર પકડશે. ફેબ્રુઆરીના અંત સુધીમાં મહત્તમ તાપમાન ૩૭થી ૩૮ ડિગ્રી આસપાસ પહોંચી જશે. માર્ચ મહિનામાં આકરી ગરમીનો અહેસાસ થવા લાગશે. મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી આસપાસ પહોંચી જશે. એપ્રિલ અને મે મહિનામાં તો અંગ દઝાડતો તાપ પડશે. ચાલુ વર્ષનો ઉનાળો આકરો રહેવાની પણ શક્યતા છે.

**ગુજરાત રાજ્ય વકફ બોર્ડ**

ડૉ.જીવરાજ મહેતા ભવન,
બ્લોક નંબર ૮, ગાંધીનગર

વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ ની કલમ ૩૬

વિષય :- "મોહંમદી મસ્જીદ વ મદ્રસા ટ્રસ્ટ"

ઉપરોક્ત જણાવેલ વકફના મુતવલ્લી **મોહમદભાઈ ઈશા પીંજારા** મુ.પો.ઉધાવણા, જી.દાહોદ નાઓએ મજકુર વકફના ઉદ્દેશો પુર્ણ કરવાના હેતુ માટે નીચે જણાવેલ સ્થાવર મિલ્કત વકફ જંગમ/સ્થાવર મિલ્કત વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ ની કલમ ૩૬ હેઠળ નોંધણી કરાવવા માટે નિયત નમુનામા દરખાસ્ત કરેલ છે. જે મિલ્કતની વિગત નીચે મુજબ છે.

| ગામ/મુ.પો./હે. | જીલ્લો અને તાલુકો | મિલ્કતનો પ્રકાર | સર્વે નં./મિલ્કત નં. | ચો.મી. |
|---|---|---|---|---|
| મુ.પો.ઉધાવણા | તા.ઉધાવણા, જી.દાહોદ | બીનખેતીની જમીન | ખાતા નં.૨૮૯, રે.સ.નં.૪૩ પૈકીની ૧૦૬૧૧.૦૦ ચો.મી.ની જમીન પૈકી ૩૦૪૦.૦૦ ચો.મી.ની જમીન પૈકી | ૧૬૭.૨૨ ચો.મી. |
| મુ.પો.ઉધાવણા | તા.ઉધાવણા, જી.દાહોદ | બીનખેતીની જમીન | ખાતા નં.૨૮૮, રે.સ.નં.૪૪ પૈકીની હેક્ટર ૨-૦૪-૦૩ ની જમીન પૈકી | ૪૩૮.૯૬ ચો.મી. |

ઉક્ત જણાવેલ સ્થાવર મિલ્કત વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ ની કલમ ૩૬ અન્વયે નોંધણીની દરખાસ્ત ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગરની વિચારણા હેઠળ હોઈ આ સબંધે કોઈ વ્યક્તિ કે સંસ્થાના વાંધાસૂચનો હોય તો તે દિન-૭ માં ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગરની કચેરી ને મળી જાય તે રીતે લેખિતમાં આપવા જણાવવામાં આવે છે. જો કોઈ વાંધા સૂચનો કે રજૂઆત જણાવેલ સમય મર્યાદામાં બોર્ડની કચેરીમાં નહિ મળે તો ઉક્ત જણાવેલ વકફના વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ ની કલમ ૩૬ હેઠળ નોંધણી કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**(એમ.એચ. ખુમાર)**
**મુખ્ય કારોબારી અધિકારી**
**ગુજરાત રાજ્ય વકફ બોર્ડ,**
**ગાંધીનગર**

## અદાણીની વધશે મુશ્કેલી! હિમાચલ પ્રદેશમાં અદાણી વિલ્મર ગ્રૂપના સ્ટોર પર એક્સાઈઝ વિભાગના દરોડા

શિમલા,

હિમાચલ પ્રદેશમાં અદાણી ગ્રૂપના વ્યાપારિક સંસ્થાનો પર સ્ટેટ એક્સાઈઝ એન્ડ ટેક્સેશન ડિપાર્ટમેન્ટએ દરોડા પાડ્યા હતા. આ ટીમોએ હિમાચલમાં અદાણી વિલ્મર ગ્રૂપના સ્ટોર પર આ કાર્યવાહી કરી હતી. માહિતી અનુસાર એક્સાઈઝ વિભાગની સાથે સાઉથ એન્ફોર્સમેન્ટ ઝોનની ટીમ બુધવારે મોડી સાંજે પરવાણુમાં અદાણીના સ્ટોર પર પહોંચી હતી.

માહિતી અનુસાર પરવાણુમાં અદાણીના સ્ટોર પર ત્રાટકેલી એક્સાઈઝ વિભાગોની ટીમોએ ગોડાઉનમાં સ્ટોકનું નિરીક્ષણ કર્યું અને તેનાથી સંબંધિત દસ્તાવેજોની ચકાસણી કરી હતી. હાલમાં ટેક્સ લાઈબેલિટી અને રોકડમાં ચૂકવણી ન કરવી તેને શંકાસ્પદ માનીને આ કાર્યવાહી કરાઈ રહી છે.

મોડી સાંજ સુધીમાં ગોડાઉનમાં દસ્તાવેજોની ચકાસણી કરાઈ હતી અને સવાલ-જવાબ પણ કરાયા હતા. ઉલ્લેખનીય છે કે હિમાચલમાં અદાણી ગ્રૂપની કુલ ૭ કંપનીઓ કાર્યરત છે. તેમાં ફૂટના કોલ્ડ સ્ટોરેજ ઉપરાંત રાજ્યમાં મોટાપાયે કરિયાણાની વસ્તુની સપ્લાય પણ અદાણી ગ્રૂપની કંપનીઓ જ કરે છે. જયારથી રાજ્યમાં કોંગ્રેસની સરકાર આવી છે ત્યારથી અદાણી ગ્રૂપની તકલીફો વધી છે. રાજ્યમાં અદાણી ગ્રૂપે તેની બે સિમેન્ટ કંપનીઓમાં પ્રોડક્શન જ બંધ કરી દીધું છે. અહીં માલવહનના ભાડા સંબંધિત અમુક મુદ્દાઓ પર ખેંચતાણને લીધે કામકાજ ઠપ કરી દેવાયું છે.

# મહિલાઓ અને કીશોરીયો પર થતી હિંસાને અટકાવવા માટે જિલ્લા સ્તરીય પરામર્શ

લુણાવાડા, તા. ૮ ફેબ્રુઆરીના રોજ લુણાવાડા તાલુકા પંચાયત હોલ ખાતે મહિલાઓ અને છોકરીઓ પર થતી હિંસાને અટકાવવા માટે જિલ્લા સ્તરીય પરામર્શ કાર્યક્રમનું આયોજન એકતા મહિલા સંગઠન, ગોઠીબ તેમજ ઉત્થાનના સહીયારા પ્રયાસથી કરવામાં આવ્યું.

પરામર્શ કાર્યક્રમમાં એકતા મહિલા સંગઠનના સભ્યો, ઉત્થાન ટીમના સભ્યો અને વિવિધ સરકારી વિભાગોમાંથી નીચે જણાવેલ અધિકારીઓ ઉપસ્થીત રહ્યા હતા.

સમાજ કલ્યાણ અધિકારી, મહીસાગર. ભાર્ગવીબેન નિનામા, જીલ્લા બાળ સુરક્ષા અધિકારી, મહિસાગર. જીગ્નેશભાઈ પંચાલ, મહિલા પોલીસ સ્ટેશન પ્રતીનિધિ, લુણાવાડા, ૧૮૧ સ્ટાફ, મહીસાગર, સખી વનસ્ટોપ, મહીસાગર. દિપીકાબેન ડોડિયા, PBSC હંસાબેન ભગોરા. પરામર્શ કાર્યક્રમમાં એકતા મહિલા સંગઠન દ્વારા મહિલાઓ પર થતી હિંસા અટકાવવાનાં મુદ્દે રજૂઆત કરવામાં આવી. તેમજ એકતા મહિલા સંગઠનની ન્યાય સમિતિ દ્વારા તેમની પાસે આવેલ હિંસાના કિસ્સાની રજૂઆત કરવામાં આવી.

એકતા મહિલા સંગઠનની રજૂઆત બાદ ઉપસ્થિત સમાજ કલ્યાણ અધિકારી ભાર્ગવીબેન નિનામા અને જીલ્લા બાળ સુરક્ષા અધિકારી જીગ્નેશભાઈ પંચાલે એકતા મહિલા સંગઠન અને ઉત્થાનનો આ પરામર્શ કાર્યક્રમનું આયોજન કરવા માટે અભીનંદન પાઠવ્યા અને આ મુદ્દે શક્ય સહયોગ કરવાની ખાતરી આપી.

આ ઉપરાંત ઉપસ્થિત તમામ અધિકારીઓ દ્વારા જે તે વિભાગની જુદી જુદી યોજનાઓ અને કાર્યક્રમોની માહિતી આપી. તેમજ મહિલાઓનાં મુદ્દે કાર્યરત માળખાઓ, મહિલા પોલીસ સ્ટેશન, ૧૮૧ અને સખી વનસ્ટોપના પ્રતિનિધિ દ્વારા મહિલાઓ સાથે હિંસાના કિસ્સામાં શક્ય મદદ કરવાની બાહેંધરી આપવામાં આવી.

# એક સમયે પંચાયતથી લઈને સંસદ સુધી તાકાત હતી, પરંતુ દેશ માટે કામ કર્યું નહીં. : વડાપ્રધાન



નવીદિલ્હી, બજેટ સત્રમાં અત્યાર સુધી સંસદમાં મોટાભાગે હંગામો જ જોવા મળી રહ્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે રાષ્ટ્રપતિના અભિભાષણ પર ધન્યવાદ પ્રસ્તાવની ચર્ચાનો જવાબ આપ્યો. આ દરમિયાન પીએમ મોદીએ કહ્યું કે રાષ્ટ્રપતિના અભિભાષણ પર ધન્યવાદ પ્રસ્તાવ પર જે ચર્ચા ચાલુ છે તે ચર્ચામાં સામેલ થઈને હું આદરણીય રાષ્ટ્રપતિજીનો આભાર વ્યક્ત કરું છું. તેમનું અભિનંદન કરું છું. રાષ્ટ્રપતિજીએ બંને સદનને સંબોધિત કરતા વિક્સિત ભારતનો રોડમેપ રજૂ કર્યો. આ દરમિયાન વિપક્ષી સાંસદોએ મોદી-અદાણી ભાઈ ભાઈના નારા પણ લગાવ્યા.

વિપક્ષી નારેબાજી પર પીએમ મોદીએ પણ પલટવાર કર્યો. તેમણે કહ્યું કે કેટલાક લોકોનો વ્યવહાર નિરાશાજનક છે. તેમણે કહ્યું કે કિચડ તેમની પાસે હતો, મારી પાસે ગુલાલ, જેમની પાસે જે હતું તેમણે તે ઉછાળ્યું. પીએમ મોદીએ કહ્યું કે જેટલું કિચડ ઉછાળશો એટલું જ કમળ ખીલશે. અમારી સફળતામાં તમારું યોગદાન ભૂલી શકાય નહીં.

રાજ્યસભામાં પ્રધાનમંત્રીએ પોતાના ભાષણમાં વિપક્ષ પર હુમલો કરતા કહ્યું કે તેમની પાસે એક સમયે પંચાયતથી લઈને સંસદ સુધી તાકાત હતી, પરંતુ દેશ માટે કામ કર્યું નહીં. આજે અમારી સરકારની ઓળખ બની છે તો તેનું કારણ અમારો પુરુષાર્થ છે. અમે દરેક સમસ્યાનું સ્થાયી સમાધાન તરફ વધવાનો પ્રયત્ન કરીએ છીએ. કોઈ પણ સમસ્યાને સ્પર્શીને ભાગનારા લોકો અમે નથી.

કોંગ્રેસ સહિત વિપક્ષી સભ્યોએ પ્રધાનમંત્રી મોદીના ભાષણની શરૂઆતથી હંગામો શરૂ કરી દીધો હતો. સાસંદ અદાણી સમૂહ વિરુદ્ધ આરોપોની તપાસ કરવા માટે જેપીસી તપાસની માંગણીને લઈને નારેબાજી કરી. હંગામા વચ્ચે પણ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું ભાષણ ચાલુ રહ્યું.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કોંગ્રેસ પર હુમલો કરતા કહ્યું કે ૬૦ વર્ષના કોંગ્રેસના પરિવારે ખાડા જ ખાડા કરી નાખ્યા હતા. બની શકે કે તેમનો ઈરાદો ન હોય પરંતુ તેમણે કર્યા. જ્યારે તેઓ ખાડા ખોદી રહ્યા હતા, ૬ દાયકા બરબાદ કરી ચૂક્યા હતા. ત્યારે દુનિયાના નાના નાના દેશ પણ સફળતાના શિખરો સ્પર્શી રહ્યા હતા. વીતેલા દાયકાઓમાં અનેક બુદ્ધિજીવીઓએ આ સદનથી દેશને દિશા આપી છે, દેશનું માર્ગદર્શન કર્યું છે. આ દેશમાં જે પણ વાત થાય છે તે દેશ ખુબ ગંભીરતાથી સાંભળે છે. આ દુર્ભાગ્યપૂર્ણ છે કે કેટલાક લોકોનો વ્યવહાર અને વાણી ફક્ત સદન નહીં, પરંતુ દેશને પણ નિરાશ કરનારો છે. પીએમ મોદીએ કહ્યું કે કોંગ્રેસ ફક્ત પ્રતિકવાદમાં સામેલ રહે છે, દેશની સમસ્યાઓના સ્થાયી ઉકેલ માટે તેમણે ક્યારેય પ્રયત્ન કર્યો નથી.

# ભારત મિલ્ક કેપીટલ : વિશ્વના દુધ ઉત્પાદનમાં ૨૪ ટકા હિસ્સો

નવીદિલ્હી, ભારત દુધ ઉત્પાદનના મામલામાં વિશ્વમાં નંબર-૧ દેશ બની ગયો છે. કેન્દ્રીય મત્સ્ય પાલન, પશુપાલન અને ડેરી મંત્રી પુરૂષોતમ રૂપાલાએ મંગળવારે લોકસભામાં જણાવ્યું કે, ભારત વિશ્વમાં સૌથી વધુ દુધ ઉત્પાદક દેશ બની ગયો છે.કેન્દ્રીય મંત્રી પુરૂષોતમ રૂપાલાએ એક લેખીત જવાબમાં કહ્યું કે ધ ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશન કોર્પોરેટ સ્ટેટીસ્ટીકલ ડેટાબેઝ (એફએઓએસટીએટી)નાં ઉત્પાદન આંકડા અનુસાર ભારત વર્ષ ૨૦૨૧-૨૨ માં વૈશ્વિક દુધ ઉત્પાદનમાં ૨૪ ટકા યોગદાન આપનાર દુનિયાનો સૌથી વધુ દુધ ઉત્પાદક દેશ છે. તેમણે આગળ કહ્યું કે, ભારતના દુધ ઉત્પાદનમાં છેલ્લા આઠ વર્ષ દરમ્યાન વર્ષ ૨૦૧૪-૧૫ અને ૨૦૨૧-૨૨ દરમ્યાન ૫૧ ટકાની વૃધ્ધિ થઈ છે. ૨૦૨૧-૨૨ માં વધીને દુધ ઉત્પાદન ૨૨ કરોડ ટન થયુ હતું. કેન્દ્રીય મંત્રી રૂપાલાએ ઉમેર્યું કે, પશુપાલન અને ડેરી ક્ષેત્રમાં આર્થિક રૂપથી નબળા ખેડુતોનાં ફાયદા માટે વિવિધ યોજનાઓ ચલાવવામાં આવી રહી છે. આ સિવાય ડેરી વિકાસ માટે રાષ્ટ્રીય કાર્યક્રમનો ઉદેશ્ય દુધ, દુધ પ્રોડકટની ગુણવતા વધારવી અને સંગઠીત ખરીદી, પ્રોસેસીંગ, વેલ્યુ એડીશન અને માર્કેટીંગની ભાગીદારી વધારવાનો છે. નેશનલ પોગ્રામ ફોર ડેરી ડેવલપમેન્ટ (એનપીડીડી) એ ફેબ્રુઆરી ૨૦૧૪ માં ત્રણ યોજનાઓ ડેરી વિકાસ કાર્યક્રમ, ગુણવતા અને સ્વચ્છ દુધ ઉત્પાદન માટે માળખાકીય સુવિધાને મજબુત કરવી અને સહકારી મંડળીઓને સહાયતા કરવાનુ નકકી કર્યુ. જુલાઈ ૨૦૨૧ માં દુધ ઉત્પાદકોની ગુણવતા વધારવા અને સંગઠીત ખરીદી, પ્રોસેસીંગ, વેલ્યુ એડીશન અને માર્કેટીંગની હિસ્સેદારી વધારવાનાં ઉદેશ્યથી એનપીડીડીની સ્થાપના કરવામાં આવી. આ સાથે કેન્દ્રીય મંત્રી પુરૂષોતમ રૂપાલાએ જણાવ્યું કે, રાષ્ટ્રીય પશુધન, ફીડ અને ઘાસચારા વિકાસ પર ઉપ-મિશન એક જુદી યોજના છે. જેનો ઉદેશ્ય ઘાસચારાની ઉપલબ્ધ વધારવાનો છે. ડેરી વિભાગ દેશભરમાં પશુપાલન અને ડેરી ક્ષેત્રનાં પ્રચાર અને વિકાસ માટે રાજયો અને કેન્દ્ર શાસીત પ્રદેશોના પ્રયાસોને પુરા કરવા માટે વિવિધ યોજનાઓ લાગુ કરી રહ્યો છે.

# મહિસાગર જીલ્લા સબ રજીસ્ટ્રાર કચેરીના ઓપરેટરો ૧૮ માસથી પગાર ન મળતાં હડતાળ ઉપર ઉતર્યા



લુણાવાડા, મહિસાગર જીલ્લાની સબ રજીસ્ટ્રાર કચેરીના ઓપરેટરોને પગાર નહિ મળતા હડતાળ ઉપર ઉતર્યા ઓપરેટરોની હડતાળને લઈ સબ રજીસ્ટ્રાર કચેરીની કામગીરી ઠપ થઈ.

મહિસાગર જીલ્લાની સબ રજીસ્ટ્રાર કચેરીના ઓપરેટરોને છેલ્લા ૧૮ માસથી પગાર ન મળતાં જીલ્લાની ૬ સબ રજીસ્ટ્રાર કચેરીના ઓપરેટરો આજથી જીલ્લા કચેરી બહાર હડતાળ ઉપર ઉતર્યા છે. સબ રજીસ્ટ્રાર કચેરીમાં ઓપરેટરોને અમદાવાદની આર્ડ ઈન્ફોસેટ કંપની દ્વારા પગાર નહિ ચુકવતા ઓપરેટરોને જીવન નિર્વાહ ચલાવવું મુશ્કેલ બન્યું છે. અવારનવાર ઓપરેટરોની રજુઆત છતાં ૧૮ માસથી વેતન નહિ ચુકવતા આખરે ઓપરેટરો હડતાળ ઉપર જતાં સબ રજીસ્ટ્રાર કચેરીઓની સેવાઓ ઠપ થતાં દસ્તાવેજી પ્રક્રિયા માટે આવતાં લોકોને મુશ્કેલીઓમાં વધારો થયો છે.

# જાંબુઘોડાના રામપુરા ગામે ૪૫ વર્ષીય વ્યકિતએ ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો

જાંબુઘોડા, જાંબુઘોડા તાલુકાના રામપુરા ટેકર ફળીયામાં રહેતા ૪૫ વર્ષીય આધેડ કોઈ અગમ્યકારણોસર ગળે ફાંસો ખાઈ આપઘાત કરી જીવન ટુંકાવ્યું.

પ્રાપ્ત વિગતો મુજબ જાંબુઘોડા તાલુકાના રામપુરા ગામના ટેકર ફળીયામાં રહેતા રવિન્દ્રભાઈ ચંદુભાઈ બારીયા ઉ.વ.૪૫એ ખેતરમાં આવેલ લીમડાના ઝાડ ઉપર ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લેતા આ બાબતે જાંબુઘોડા પોલસી મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# ભારતમાં પણ હવે બ્લુ ટીક માટે દર મહિને ચૂકવવો પડશે ૯૦૦ રૂપિયા ચાર્જ

નવીદિલ્હી, માઈક્રો બ્લોગિંગ પ્લેટફોર્મ ટ્વિટરે હવે ભારતમાં પણ સબસ્ક્રિપ્શન સેવા શરૂ કરી છે. ભારતમાં ટ્વિટર બ્લુ ટીકની કિંમત ૬૫૦ રૂપિયા પ્રતિ મહિનાથી શરૂ કરવામાં આવી છે. વેબ યુઝર્સને હવે ટ્વિટરમાં બ્લુ ટીક માટે દર મહિને ૬૫૦ રૂપિયા ચૂકવવા પડશે. જ્યારે મોબાઈલ યુઝર્સે તે માટે દર મહિને ૯૦૦ રૂપિયા ચૂકવવા પડશે. એલોન મસ્કે ગયા વર્ષે ટ્વિટરને ૪૪ બિલિયન ડોલરમાં ખરીદ્યું હતું. ત્યારથી તેણે ટ્વીટરમાં ઘણા ફેરફારો કર્યા છે. ઈલોન મસ્કે થોડા સમય પહેલા ટ્વિટર બ્લુ ટીક સર્વિસની જાહેરાત કરી હતી. જેના હેઠળ ટ્વિટરની કેટલીક વધારાની સેવાઓ યુઝ કરવા માટે હવે ચાર્જ ચૂકવવો પડશે. ટ્વિટરે કેટલાક સમય પહેલા અમેરિકા, બ્રિટન, કેનેડા, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ અને જાપાન સહિતના કેટલાક દેશોમાં ટ્વિટર બ્લુ ટીક સર્વિસ શરૂ કરી હતી. આ દેશોમાં યુઝર્સ માટે ટ્વિટરનું બ્લુ ટીક સબસ્ક્રિપ્શન ચાર્જ દર મહિને ૮ ડોલર છે. વાર્ષિક સબસ્ક્રિપ્શન લેવા માટે ૮૪ ડોલર ચૂકવવા પડશે.ટ્વિટર વપરાશકર્તાઓ પાસેથી ૩ ડોલર વધુ ચાર્જ કરીને એપ્પલને કમિશન ચૂકવશે. ત્યારે ભારતમાં પણ હવે ટ્વિટર બ્લુ ટીક સર્વિસ યુઝ કરવા માટે વેબ યુઝર્સે દર મહિને ૬૫૦ રૂપિયા ચૂકવવા પડે છે, જ્યારે મોબાઈલ યુઝર્સ માટે તેનો ચાર્જ દર મહિને ૯૦૦ રૂપિયા છે. જો કે વાર્ષિક સબસ્ક્રિપ્શન લેવા માટે ૬૮૦૦ રૂપિયા ચૂકવવા પડશે. ટ્વિટર બ્લુ સબસ્ક્રિપ્શનની સાથે યુઝર્સને બ્લુ ચેકમાર્ક અથવા ટિક આપવામાં આવે છે. આની સાથે યુઝર્સને ટ્વીટ એડિટ કરવાનો, ૧૦૮૦માં વીડિયો અપલોડ કરવાનો અને રીડર મોડને એક્સેસ કરવાનો વિકલ્પ મળશે. આ ઉપરાંત, ટ્વિટર વપરાશકર્તાઓને ઓછી જાહેરાતો જ્યારે બિન-સબ્સ્કાઈબર્સને આગામી સમયમાં વધુ જાહેરાતો જોવા મળશે. કંપનીએ કહ્યું છે કે વેરિફાઈડ યુઝર્સને ટ્વીટમાં રિપ્લાય અને ટ્વીટમાં પ્રાયોરિટી પણ મળશે. - એટલું જ નહીં, આ સેવા લેનારા યુઝર્સ ૪૦૦૦ અક્ષરો સુધીની ટ્વિટ પોસ્ટ કરી શકશે.

# ચંદીગઢ બોર્ડર પર તણાવભર્યો માહોલ : સીએમ હાઉસ ખાતે શીખ જૂથને પોલીસે રોક્યા, હથિયારોની લૂંટ કરી હતી




ચંદીગઢ, ચંદીગઢ-મોહાલી બોર્ડર પર હિંસા કરનાર આરોપીઓને આજે કોર્ટમાં રજૂ કરવામાં આવશે. ગઈકાલે બુધવારે આ લોકોએ ચંદીગઢમાં પ્રવેશવાનો પ્રયાસ કર્યો હતો. તે લોકોને રોકવામાં આવતા તેઓએ ચંદીગઢ પોલીસ પર તલવારો અને લાકડીઓ વડે હુમલો કર્યો હતો.

જેના પછી પોલીસની વોટર કેનન પર કબજો કરી લીધો હતો. પોલીસ કવચ, હેલ્મેટ, હથિયારો અને ટીયર ગેસ ગ્રેનેડ પણ લૂંટી લેવામાં આવ્યા હતા. પોલીસે તેમની સામે હત્યા અને આર્મ્સ એક્ટ સહિતની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધ્યો છે. આ લોકો પોતાની સજા પૂરી કરી ચૂકેલા શીખ કેદીઓને મુક્ત કરવાની માગ કરી રહ્યા હતા.

આ હિંસામાં ચંદીગઢ પોલીસના ઘણા જવાનો ઘાયલ થયા છે. તેના પછી પોલીસે સેક્ટર ૩૬ પોલીસ સ્ટેશનમાં કેસ નોંધ્યો છે. ચંદીગઢ પોલીસનું કહેવું છે કે આ ૧૨ પ્રો- ખાલિસ્તાની સંગઠનો છે. આ લોકોએ પ્રદર્શનમાં ખાલિસ્તાન તરફી નારા પણ લગાવ્યા હતા.

ચંદીગઢ પોલીસે હિંસા, હથિયારો સાથે હિંસા કરવી, લૂંટ ચલાવવી, સરકારી કર્મીની ડ્યૂટીમાં બાધા પહોંચાડવી, સરકારી આદેશોનું ઉલ્લંઘન કરવું, સરકારી કર્મીને ડ્યૂટી વખતે જાણી જોઈને ઈજા પહોંચાડવી, ઈજા પહોંચાડવી, હત્યાનો પ્રયાસ, લૂંટનો કેસ નોંધ્યો છે. લૂંટ, સરકારી મિલકતને નુકસાન, ગુનાહિત કાવતરું અને આર્મ્સ એક્ટની કલમો હેઠળ નોંધાયેલ છે.

જેમની વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યા છે તેમાં જગતાર સિંહ હવારાના ધર્મપિતા ગુરચરણ સિંહ, બલવિંદર સિંહ, અમર સિંહ ચહલ, દિલશેર સિંહ જંડિયાલા, જસવિંદર સિંહ રાજપુરા, રુપિંદરજીત સિંહ અને અન્યનો સમાવેશ થાય છે. સેક્ટર ૩૪ પોલીસ સ્ટેશનના એસએચઓ દવિંદર સિંહની ફરિયાદ પર કેસ નોંધવામાં આવ્યો છે.

આ એફઆઈઆર પ્રમાણે, હુમલાખોરોએ ચંદીગઢ પોલીસના ૨૦ બેરિકેડ્સની લૂંટ ચલાવી હતી. આ ઉપરાંત વજ ગાડીમાંથી ટીયર ગેસ હેન્ડ ગન અને દારૂગોળો પણ લૂંટવામાં આવ્યો હતો. રેપિડ એક્શન ફોર્સના વાહન અને અન્ય વાહનોમાંથી પણ ઘણો સામાન લૂંટાયો હતો. પોલીસનું કહેવું છે કે આ હુમલો સુનિયોજિત કાવતરા હેઠળ કરવામાં આવ્યો હતો.

મળતી માહિતી મુજબ, આ હિંસક ઘટના માટે મોહાલીના માતૌર પોલીસ સ્ટેશનમાં અજાણ્યા હુમલાખોરો વિરુદ્ધ હત્યાનો પ્રયાસ, પોલીસકર્મીની ફરજમાં વિઘ્ન લાવવા હુમલો, હથિયારો સાથે હિંસા, લૂંટ ચલાવવી અને ગુનાહિત ષડયંત્રની કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. તો, મળતી માહિતી મુજબ, વિરોધીઓ આજથી જેલ ભરો માર્ચ શરૂ કરવાની તૈયારી કરી રહ્યા છે.

તમને જણાવી દઈએ કે સિંધુ બોર્ડરના કારણે, ગત ૭ જાન્યુઆરીથી ગુરુદ્વારા અંબ સાહિબ પાસે કૌમી ઈન્સાફ મોરચાનો 'પક્કા મોરચા' બનાવવામાં આવ્યો છે. બીજી તરફ કૌમી ઈન્સાફ મોરચાએ જાહેરાત કરી છે કે આજે ફરી તે ચંદીગઢમાં પંજાબના ઝસ ભગવંત માનના નિવાસસ્થાન તરફ કૂચ કરશે.બુધવારની ઘટના પછી, આ ચંદીગઢ-મોહાલી સરહદ પર બેરિકેડિંગ અને વધારાના પોલીસ દળની તૈનાતને વધુ મજબૂત બનાવવાની કાર્યવાહી શરૂ થઈ છે. આ હિંસક અથડામણમાં, એક તરફ પોલીસકર્મીઓ લાઠીઓ સાથે હતા અને બીજી બાજુ હથિયારો સાથે વિરોધીઓ હતા. જેમાં પોલીસકર્મીઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા.

સેકશન ૧૪૪ હોવા છતાં મોહાલી જિલ્લામાં સેંકડોની સંખ્યામાં દેખાવકારો એકઠા થઈ રહ્યા છે. તેમની પાસે તલવારો, સળિયા, લાકડીઓ અને અન્ય હથિયારો છે. મોહાલી જિલ્લા પોલીસ તેમને રોકવામાં સંપૂર્ણપણે નિષ્ફળ રહી છે. પ્રદર્શનકારીઓને શાંતિપૂર્ણ રીતે પ્રદર્શન કરવા જણાવાયું હતું. તો સાથે જ હથિયાર લઈને ઘોડા પર આવવું એ પણ હિંસક ઘટનાને અંજામ આપવાની તૈયારી માનવામાં આવી રહી છે. પંજાબ પોલીસની ગુપ્તચર માહિતી ખરાબ રીતે નિષ્ફળ ગઈ અને ચંદીગઢ પોલીસને સમયસર ઈનપુટ આપવામાં આવ્યા નહોતા. જેના કારણે પોલીસ કર્મચારીઓને નુકસાનનો સામનો કરવો પડ્યો હતો.પક્કા મોરચા હેઠળ જે શીખ કેદીઓની મુક્તિની માગ કરવામાં આવી રહી છે, તેમાં પંજાબના પૂર્વ મુખ્યમંત્રી બિઅંત સિંહના હત્યારા અને બબ્બર ખાલસા આંતરરાષ્ટ્રીય આતંકવાદી જગતાર સિંહ હવારા પણ છે. તેની ફાંસીની સજાને આજીવન કેદમાં બદલીને કોર્ટે તેને આજીવન જેલમાં રાખવાનો નિર્ણય કર્યો હતો. બીજી તરફ બિઅંત સિંહ હત્યા કેસમાં ફાંસીની સજા પામેલા બલવંત સિંહ રાજોઆના અને ૧૯૯૩માં દિલ્હીમાં થયેલા બોમ્બ વિસ્ફોટના દોષિત દવિન્દર પાલ સિંહ ભુલ્લર મહત્વના છે.

પ્રદર્શનકારીઓની માગણીઓમાં ગુરુ ગ્રંથ સાહિબના અપમાનની ઘટનાઓમાં ન્યાય, ગુરુ ગ્રંથ સાહિબના ૩૨૮ ગુમ થયેલા સ્વરૂપોના કેસમાં ન્યાય, જેલમાં સજા પૂરી કરી ચૂકેલા શીખ કેદીઓને મુક્ત કરવા અને કોટકપુરા અને બેહબલ કલાન ગોળીબારમાં ન્યાયનો સમાવેશ થાય છે.

પ્રદર્શનકારીઓએ નક્કી કર્યું હતું કે ૬ ફેબ્રુઆરીથી, ૩૧ સભ્યોનું જૂથ દરરોજ વિરોધ સ્થળેથી પંજાબના મુખ્ય પ્રધાનના નિવાસસ્થાન અને ચંદીગઢમાં રાજભવન સુધી કૂચ કરશે. જો કે, ચંદીગઢમાં કલમ ૧૪૪, મુખ્ય પ્રધાનનું નિવાસસ્થાન અતિસંવેદનશીલ ઝોનમાં હોવાથી અને સુરક્ષાના કારણોસર, ચંદીગઢ પોલીસ સતત પ્રદર્શનકારીઓને રોકી રહી હતી. હવારાને મોહાલી અને ચંદીગઢની કોર્ટમાં પણ રજૂ કરવામાં ના આવતા વિરોધીઓ નારાજ છે.બુધવારે થયેલી હિંસક ઘટનામાં ચંદીગઢ પોલીસના ઘણા બેરિકેડ પણ પ્રદર્શનકારીઓએ તોડી નાખ્યા હતા. દેખાવકારો ટ્રેક્ટર અને ઘોડા પર આવ્યા હતા. તેમાં નિહંગો પણ હતા. પોલીસના અનેક વાહનોના કાચ તોડી નાખ્યા હતા. હુમલામાં લગભગ ૩૦ પોલીસકર્મીઓ ઘાયલ થયા હતા. કેટલાકે તલવારથી હુમલો કર્યો હતો.

# મહિસાગર જીલ્લાના ખેડુતો ખરીફ/રવિ પાકના ટેકાના ખરીદી માટે VCE મારફતે નોંધણી કરાવવી

લુણાવાડા, ભારત સરકાર દ્વારા ખરીફ/રવિ ૨૦૨૨/૨૩ માટે ટેકાના ભાવો નકકી કરેલ હોય જેમાં તુવેર માટે ૬૬૦૦ રૂપીયા ચણા રૂ.૫૩૩૫, રાયડા રૂ.૫૪૫૦ પ્રતિ કવીન્ટલ જાહેર કરવામાં આવ્યા છે અને ટેકાના ભાવે ખરીદી ૧૦/૦૩/૨૦૨૩ થી શરૂ કરવામાં આવશે. ખરીદી માટે ૦૧/૦૨/૨૦૨૦૩ થી ૨૮/૦૨/૨૦૨૩ દરમિયાન ગ્રામકક્ષાએ ઈ-ગ્રામ કેન્દ્રો ખાતેથી VCE મારફતે ખેડુતોને નોંધણી નાફેડના ઈસમૃદ્ધિ પોર્ટલ પર કરવામાં આવશે. મહિસાગર જીલ્લા ખેડુતોએ ટેકાની ભાવે ખરીદી નોંધણી પ્રક્રિયા ચાલ થતી હોય ગ્રામ્યકક્ષાએથી નોંધણી કરાવવી.

# ગોધરા શામળાજી હોમિયોપેથીક મેડીકલમાં પ્રથમ વર્ષે મેળવનાર વિદ્યાર્થીઓનો સત્કાર સમારંભ યોજાયો

ગોધરા, ગોધરા સ્થિત શ્રી શામળાજી આરોગ્ય સેવા ટ્રસ્ટ, ગોધરા આયોજીત શ્રી શામળાજી હોમિયોપેથીક મેડીકલ કોલેજ ગોધરાના પ્રથમ વર્ષ બી.એચ.એમ.એસ. પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ પ્રથમ દિવસે વિદ્યાર્થીઓ તથા વાલીઓનો સત્કાર સમારંભ યોજાયો હતો.

ગોધરાના શામળાજી આરોગ્ય સેવા ટ્રસ્ટ આયોજીત હોમિયોપેથીક મેડીકલ કોલેજના વર્ષ ૨૦૨૨-૨૩ના પ્રથમ બેંચના વિદ્યાર્થીઓનો પરિચય તેમજ આવકાર પ્રસંગે શ્રી શામળાજી સેવા ટ્રસ્ટના ઉપપ્રમુખ વિશાલ સોની મેડીકલ કોલેજના આચાર્ય ડૉ. ચિરાગ પટેલ, ડૉ. એ.કે.ગુપ્તા, ડૉ. અમીત મલ્હાર, ડૉ. અનવર કાચબા ઉપસ્થિત રહ્યા હતા.

ઉદ્દઘાટન પ્રસંગે શ્રી શામળાજી ટ્રસ્ટના ઉપપ્રમુખ વિશાલ સોનીએ જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓ કોર્ષમાં જોડાયેલ છે. તે સેવા સાથે જોડાયેલ છે અને તેમાં જોડાવવા થણગણાટ છે. કોલેજનું સત્ર શરૂ થાય તેની આતુરતાથી રાહ જોયેલા જેથી આતુરતાનો અંત આવેલ છે.

આ અભ્યાસ ક્રમ જે ઉત્સાહના આભારી છે. જે વિદ્યાર્થીઓની રૂચી પ્રમાણે છે. જેથી વિદ્યાર્થીઓ ઉમંગ સાથે રૂચીથી અભ્યાસ કરે છે. હાજર વાલીઓને સંસ્થાની સેવાઓથી શું માહિતગાર કર્યા હતા.

# કાલોલ સરકીટ હાઉસ સામે બાઈકને આઈસરે અડફેટમાં લેતા બાઈક સવાર પૈકી ૧ નું મોત

કાલોલ, કાલોલ સરકારી સરકીટ હાઉસ સામે હાઈવે રોડ ઉપર પલ્સર ઉપર હાલોલ તરફ જતાં બાઈક ચાલકને આઈસર ટેમ્પોએ અડફેટમાં લેતા બન્ને એકને વધુ સારવાર અર્થે ખસેડાયો છે. પ્રાપ્ત વિગતો મુજબ કાલોલ સરકારી સરકીટ હાઉસ સામે આઈવે રોડ ઉપર થી પલ્સર બાઈક નં.જીજે.૧૭. સીસી. ૩૩૭૧ ઉપર નરેન્દ્રસિંહ બારીયા અને જગતસિંહ ચૌહાણ હાલોલ તરફ જઈ રહ્યા હતા. ત્યારે આઈસર ટેમ્પો નંબર જીજે. ૨૭.વી. ૭૭૦૯ના ચાલકે પોતાનું વાહન ગફલતભરી રીતે હંકારી બાઈકને અડફેટમાં લેતાં બાઈક સવાર બન્ને યુવાનોને ગંભીર ઈજાઓ થવા પામી હતી. જેમાં નરેન્દ્રસિંહને ગંભીર ઈજાઓ થતાં મોત નિપજાવા પામ્યું. જ્યારે જગતસિંહને વધુ સારવાર અર્થે ગોધરા સિવિલમાં ખસેડવામાં આવ્યો. ટેમ્પો ચાલક સ્થળ ઉપર વાહન મૂકી ફરાર થતાં પોલીસ ફરિયાદ નોંધાઈ.

# આપની આજ.......

મેષ : આજનો દિવસ તમારા માટે મોજ મસ્તીવાળો રહેશે અને આજે તમે તમારા પરિવારમાં જ મસ્ત રહેશો. કોઈ પણ વિરોધીની નિંદા તરફ ધ્યાન ન આપીને તમારૂ કામ કરતા રહો. આગળ જતા સફળતા મળશે.

વૃષભ : આજનો દિવસ દોડધામમાં પસાર થશે. ક્યારેક સંતાનો સાથે સંકળાયેલી સમસ્યાઓના સમાધાન માટે મહેનત કરશો તો ક્યારેક મિત્રોના કોઈ કામથી જવાનું થઈ શકે છે.

મિથુન : આજનો દિવસ સુખદ જણાઈ રહ્યો છે. નોકરી અને વ્યવસાય સાથે જોડાયેલી સમસ્યાઓનું સમાધાન થશે અને તમે પ્રગતિ કરી શકશો. આજે તમને મિત્રોનો સાથ મળશે અને એનાથી મનનો ભાર હળવો થશે.

કર્ક : આજના દિવસે તમારે ખૂબ જ મહેનત કરવી પડી શકે છે. જો તમે વેપારી છો તો આજે તમારે બિનજરૂરી વધારે પડતો શ્રમ કરવો પડી શકે છે. જો તમે સરકારી નોકરી કરો છો તો કામ વધારે કરવું પડી શકે છે.

સિંહ : આજનો દિવસ તમારા માટે મિશ્રિત ફળદાયક છે. મોટા અધિકારી સાથે વિવાદ થઈ શકે છે અને તમને નુકસાન થઈ શકે છે. નવા સંબંધો બનવાથી તમારૂ નસીબ ચમકી શકે છે અને સમાજમાં સન્માન મળશે.

કન્યા : આજનો દિવસ ઉત્તમ થવા જઈ રહ્યો છે. આજે તમને ક્યાંક અટવાયેલા રૂપિયા મળવાની આશા દેખાઈ રહી છે. જેનાથી તમારો વિશ્વાસ ધર્મ અને આધ્યાત્મિકતામાં વધશે. રોજિંદા કામકાજમાં બેદરકારી ના રાખશો.

તુલા : આજે ઓફિસમાં અધિકારીઓ પણ તમારા કામના વખાણ કરવામાં પાછી પાની નહી કરે. જો તમે વેપાર કરો છો તો આજે ગ્રાહકોની ભારે ભીડથી તમારી દુકાન ભરેલી રહેશે.

વૃશ્ચિક : આજે કાર્ય ક્ષેત્રમાં તમારા વરિષ્ઠ અધિકારીઓ સાથે વિવાદ થઈ શકે છે. કામમાં બેદરકારી રાખવાથી આવું થઈ શકે છે. દાંપત્ય જીવનમાં મધુરતા રહેશે અને જીવનસાથીની તરફથી મોરલ સપોર્ટ મળશે.

ધનુ : આજે કોઈ કારણોસર તમે માનસિક રીતે વ્યસ્ત રહેશો. આજનો દિવસ કોઈ પણ પ્રકારની અશાંતિમાં પસાર થશે. ઉચ્ચ અધિકારીઓ સાથે સારો સંબંધ બંધાશે.

મકર : આજનો દિવસ તમારા માટે ખાસ છે. આજે કોઈ પણ પ્રકારના વિવાદોથી દૂર રહેવાની જરૂર છે. પરિવારના લોકો તમારો સાથ આપશે અને નસીબના કારણે આજે તમને કરિયરમાં પણ શુભ તક મળી શકે છે.

કુંભ : આજે તમારો દિવસ મિશ્રિત રહેશે અને કોઈ મામલે લાભ તો કોઈ મામલે નુકસાન થઈ શકે છે. આજે ઓફિસમાં તમારા પદ અને અધિકારોમાં વધારો થઈ શકે છે. તો ઘર અને પરિવારમાં આજે કેટલીક એવી મુશ્કેલીઓ આવી શકે છે કે જેનાથી તમારી માનસિક સ્થિતિ બગડી શકે છે.

મીન : આજનો દિવસ મહેનત કરીને પરિણામ મેળવવા માટેનો દિવસ છે. આજે પરિવારના લોકો તમારી મદદ કરશે અને તમારૂ નસીબ તમને સાથ આપશે. પરિવારમાં કોઈ માંગલિક કાર્યોથી ખુશીઓ આવશે. આજે કોઈ પ્રકારના રચનાત્મક કાર્યોમાં મન લાગેલું રહેશે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# ફતેપુરા તાલુકાના સુખસરથી બાસવાડા લગ્ન પ્રસંગમાં જતા કલાલ સમાજના ત્રણ વ્યકિતઓના અકસ્માતમાં મોત

- રાજસ્થાનના ભીલકુવા પાસે આવેલ હેજામાલમાં ડમ્પર સાથે અર્ટીકા ગાડીને અકસ્માત નડતા સ્થળ ઉપર ત્રણના કમકમાટી ભર્યા મોત નિપજયા.
- અકસ્માતમાં મૃતક જયેશભાઈના પુત્ર તથા પુત્રીના દસ દિવસ બાદ લગ્ન પ્રસંગ હોય કંકોત્રી આપવા જતા હતા.



તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા



દાહોદ,
ફતેપુરા તાલુકાના સુખસર થી બાસવાડા ખાતે લગ્ન પ્રસંગમાં જતા કલાલ સમાજના ત્રણ વ્યકિતઓને રાજસ્થાનના ભીલકુવા પાસે આવેલ હેજામાળ ખાતે અર્ટીકા ગાડીને ડમ્પર સાથે અકસ્માત સર્જાતા ગાડીમાં સવાર કલાલ સમાજના ત્રણ વ્યક્તિઓના સ્થળ ઉપરજ કમ કમાટી ભર્યા મોતનીપજવા પામેલ હોવાનું જાણવા મળે છે. અકસ્માતની જાણ સુખસર ગામમાં વાયુવેગે ફેલાતા હાહાકાર મચી જવા પામ્યો હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ ફતેપુરા તાલુકાના સુખસર બસ સ્ટેશન પાસે રહેતા અને હોટલનો વ્યવસાય કરતા જયેશભાઈ મોહનભાઈ કલાલ ઉંમર વર્ષ–૫૨ રહે. સુખસર બસ સ્ટેશન પાસે તથા તેમના ભાઈ હસમુખભાઈ મોહનભાઈ કલાલ ઉંમર– વર્ષ ૫૯ તેમજ ભત્રીજા નામે રોહિત કુમાર ભરતભાઈ કલાલ ઉંમર વર્ષ–૩૨ રહે.પાટડીયા નાઓ આજરોજ બપોરના બાસવાડા સંબંધીને ત્યાં લગ્ન પ્રસંગ હોય અર્ટીકા ગાડીમાં નીકળ્યા હતા. તેવા સમયે રાજસ્થાનના ભીલકુવા પાસે આવેલ હેજામાળ હાઈવે માર્ગ ઉપર થી પસાર થઈ રહ્યા હતા. તેવા સમયે ડમ્પર સાથે અકસ્માત સર્જાતા અર્ટીકા સવાર જયેશભાઈ, હસમુખભાઈ તથા રોહિતભાઈના ઓના ઘટના સ્થળે જ કમકમાટી ભર્યા મોત નીપજવા પામેલ હોવાનું જાણવા મળે છે. અકસ્માતની જાણ સુખસરમાં થતા ગામમાં હાહાકાર મચી જવા પામ્યો હોવાનું જાણવા મળે છે. અકસ્માતમાં મોતને ભેટેલા જયેશભાઈ તથા હસમુખભાઈ સગાભાઈઓ છે. જયારે રોહિતભાઈ તેમનો ભત્રીજો હોવાનું જાણવા મળે છે. આ અકસ્માતમાં એક જ પરિવારના ત્રણ ત્રણ સભ્યોના અકાળે અકસ્માતમાં મોત નીપજતા પરિવારમાં રોક્કળ મચી જવા પામી હોવાનું પણ જાણવા મળે છે.

અત્રે નોંધનીય બાબત છે કે, જયેશભાઈ કલાલના પુત્ર તથા પુત્રીના ૨૨ ફેબ્રુઆરી–૨૦૨૩ ના રોજ લગ્ન પ્રસંગ હતો અને જયેશભાઈ પોતાના સંબંધમાં લગ્ન પ્રસંગ હોય તેમાં હાજરી આપવા સહિત પોતાના સંતાનોની લગ્ન પ્રસંગની કંકોત્રી આપવા જઈ રહ્યા હતા. ત્યારે આવનાર સમયમાં સંતાનોના લગ્ન પ્રસંગની ખુશી માતમમાં ફેરવાઈ જતા પરિવારમાં શોકની કાલીમા છવાઈ ગઈ હોવાનું જાણવા મળે છે.

આ લખાય છે, ત્યારે આ અકસ્માત સંદર્ભે રાજસ્થાનના સજ્જનગઢ પોલીસ આગળની કાર્યવાહી કરી રહી હોવાનું જાણવા મળે છે. તમામ કાર્યવાહી પૂર્ણ થયા બાદ મૃતકોની લાશો સુખસર ખાતે લાવવામાં આવશે તેમ જાણવા મળે છે.

# દાહોદ જિલ્લામાં ધોરણ ૧૦-૧૨ ની પરીક્ષાનું કલેકટરની અધ્યક્ષતામાં આયોજન



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
દાહોદ જિલ્લામાં આગામી તા. ૧૪ માર્ચ થી ૨૯ માર્ચ સુધી ધોરણ ૧૦ અને ૧૨ ની પરીક્ષા લેવાશે. ધોરણ ૧૦–ના ૩૯૩૪૧ તેમજ ધોરણ–૧૨ ના ૧૯૫૨૩ જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. પરીક્ષા પારદર્શક રીતે તેમજ શાંતિપૂર્ણ રીતે યોજાઈ એ માટેનું કલેક્ટર ડો. હર્ષિત ગોસાવીની અધ્યક્ષતામાં આયોજન કરાયું હતું.

બેઠકમાં નિવાસી અધિક કલેક્ટર એ.બી. પાંડોર, જિલ્લા શિક્ષણાધિકારી કાજલબેન દવે સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

દાહોદ જિલ્લામાં ધોરણ–૧૦ એસએસસી પરીક્ષા માટે ઝોન ૬૩ ના ૧૮ કેન્દ્રની ૯૪ બિલ્ડીંગ ઉપર પરીક્ષા લેવાશે. તેમજ લીમખેડા ઝોન ૬૪ ના ૧૧ કેન્દ્રની ૫૩ બિલ્ડીંગો ખાતે પરીક્ષા લેવાશે. તેમજ ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા માટે દાહોદ ઝોન ૨૪ ના ૧૭ કેન્દ્રની ૮૩ બિલ્ડીંગ તેમજ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા માટે ૩ કેન્દ્રની ૧૪ બિલ્ડીંગ ઉપર ખાનગી ઉમેદવાર સહિત પરીક્ષા લેવાશે. આ તમામ પરીક્ષા કેન્દ્રો ખાતે સીસીટીવી કેમેરા સહિતની વ્યવસ્થા કરાશે અને પરીક્ષા સંપૂર્ણ સુરક્ષા વ્યવસ્થા સાથે યોજવાનું આયોજન કરાયું છે.

પરીક્ષા યોગ્ય રીતે યોજાઈ એ માટે પરીક્ષા સ્થળોનું પ્રત્યક્ષ નિરીક્ષણ કરી કાયદો વ્યવસ્થા સહિતનું આયોજન કરાશે. કેન્દ્ર સંવાહકોની મીટીંગ કરી સરળ સંચાલન માટે જરૂરી સુચના આપવામાં આવશે. પરીક્ષા દરમિયાન આડકતરી રીતે સંકળાયેલા માથાભારે અસામાજિક તત્વોને પોલીસની સીધી દેખરેખ હેઠળ મુકાશે. પરીક્ષા સાથે સંકળાયેલા તમામ અધિકારીઓ કર્મચારીઓને ઓળખપત્ર અપાશે.

પરીક્ષા માટે કંટ્રોલ રૂમ શરૂ કરાશે. પરીક્ષાને લગતા જાહેરનામા બહાર પાડીને તેનું ચુસ્ત પાલન કરવામાં આવશે. વિદ્યાર્થીઓ ભયભીત થયા વિના વિશ્વાસપૂર્વક અને નિર્ભયતાથી પરીક્ષા આપી શકે તે માટેનું આયોજન કરાયુ હતું.

# ઝાલોદ તાલુકાના અનવરપુરા મુકામે બે ફોર વ્હીલર ગાડી વચ્ચે ગંભીર અકસ્માત

ઝાલોદ,
ઝાલોદ તાલુકાના અનવરપૂરા મુકામે સુઝુકી કંપનીની ફોર વ્હીલર વેગનાર ગાડી RJ.03.CB.8484 પૂરઝડપે ગફલત રીતે બેદરકારીથી રોંગ સાઈડિ ચલાવી લાવી સુઝુકી કંપનીની ફોર વ્હીલર સ્વીફટ ડીઝાયર RJ.03.CB.6700 ને ઘડાકાભેર સામેથી ટક્કર મારી પાછળની સીટ પર બેસેલા નજર મહંમદ હાજી બશીર મહંમદ જાતે. શેખ ઉ.વ.૯૪ ને ગંભીર પ્રકારની ઈજાઓ પહોંચાડી મોત નિપજાવી ગાડી મૂકી નાશી ગયેલ છે.

બનાવની વિગત અનુસાર તારીખ ૦૭–૦૨–૨૦૨૩ નાં રોજ બાગીદોરા થી ઝાલોદ સુન્દરમ હોસ્પિટલ ખાતે RJ.03.CB.6700માં નજર મહંમદ હાજી બઝર મહંમદ શેખને બતાવી બાગીદોરા પાછા જતા વખતે ૧૧ વાગ્યાના સમયના અરસામાં બાંસવાડા તરફ થી આવતી સ્વીફટ ડીઝાયરના ચાલક દ્વારા બેદરકારી રીતે વાહન રોંગ સાઈડમાં લાવી ગાડી ઘડાકાભેર અથડાઈ હતી. આ અકસ્માતમાં મહંમદ હાજી બશીર મહંમદને ગંભીર ઈજાઓ થતાં ઝાલોદ સરકારી હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. ત્યાર બાદ વધુ સારવાર માટે દાહોદ ઝાયડસ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યા હતા. દાહોદ ઝાયડસ હોસ્પિટલ દ્વારા વધુ સારવાર અર્થે બરોડા લઈ જવા સલાહ આપતા બરોડાના હોસ્પિટલમાં સારવાર દરમ્યાન મહંમદ હાજી બશીર મહંમદનું મોત થયું હતું. આ સર્જાયેલ અકસ્માત અંગે ઝાલોદ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયેલ છે.

# ફતેપુરાના મોટી શેરો ગામે ૦ થી ૫ વર્ષના બાળકોના આધારકાર્ડ કેમ્પનું આયોજન



દાહોદ,
કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારીની સૂચના મુજબ ૦ થી ૫ વર્ષના બાળકોને સરકારની વિવિધ યોજનાઓનો લાભ મળી રહે તે માટે ગ્રામ્ય વિસ્તારમાં જઈને બાળકોને આધાર કાર્ડ મળી રહે તે હેતુથી આઈ.સી.ડી.એસ શાખાના જિલ્લા પ્રોગ્રામ ઓફિસર દ્વારા દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના મોટી શેરો ગામ ખાતે ૦ થી ૫ વર્ષના બાળકોના આધારકાર્ડ કાઢવા માટે આજ રોજ તા.૦૮/૦૨/૨૦૨૩ Aadhaar Mega Campનું આયોજન કરવામાં આવેલ.

જે Aadhaar Mega Campમાં ૦ થી ૫ વર્ષના બાળકોના કુલ ૯૦ આધાર કાર્ડ કાઢવામાં આવેલ છે. જેમાં ફતેપુરા તાલુકાના સંકલિત બાળ વિકાસ અધિકારીઓ અને મુખ્ય સેવિકા, આંગણવાડી વર્કર અને આધાર નોધણી ઓપરેટર દ્વારા ખૂબ સરસ આયોજન કરવામાં આવેલ હતું.

# ઝાલોદ તાલુકાના કુણી મુખ્ય પ્રાથમિક શાળા ખાતે ૭૧ મું સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી



દાહોદ,
દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના કુણી મુખ્ય પ્રાથમિક શાળાની સ્થાપના ૦૧/૦૨/૧૯૫૩ મા સ્થાપના શુભારંભ કરવામાં આવી હતી. જેમાં શાળાને ૭૦ વર્ષ પૂર્ણ થયા અને ૭૧ વર્ષમાં પ્રવેશ થતાં કુણી મુખ્ય પ્રાથમિક શાળા ખાતે ૭૧ મું સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં પધારેલ મુખ્ય મહેમાનોનું નૃત્ય સાથે પુષ્પમાળા સહિત પાઘડી પહેરાવી સ્વાગત કરવામાં આવ્યું હતું. જેમાં ઝાલોદ તાલુકાના ભાજપના લોકલાડીલા ધારાસભ્ય મહેશભાઈ ભૂરિયા, દાહોદ જિલ્લા શિક્ષણ અધિકારી મયુરભાઈ પારેખ, ઝાલોદ તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી ચેતનાબેન પરમાર જિલ્લા પંચાયત પ્રમુખ શિતલબેન વાઘેલા, જિલ્લા પંચાયત સદસ્ય લલીતભાઈ ભૂરિયા, ઝાલોદ તાલુકા બી.આર.સી. ભવનના કલ્પેશભાઈ મુનિયા ઝાલોદ તાલુકા પંચાયત પ્રમુખ રમસુભાઈ ભાભોર, ઝાલોદ APMCના ડિરેક્ટર સુનિલભાઈ હઠિલા સહિત કુણી મુખ્ય પ્રાથમિક શાળા આચાર્ય રમેશભાઈ એમ. બારીયા, યુવા મોરચા મંત્રી સુરેશભાઈ હઠિલા સહિત તમામ ગામના સરપંચ આગેવાનો વડીલો તેમજ શાળાના શિક્ષક ગણ નાના બાળકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# ઝાલોદ નગરપાલિકા દ્વારા અંદાજીત ૧૩ કરોડ ૫૩ લાખના વિકાસ માટેના કામો હાથ ધરવામાં આવશે



તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ,
ઝાલોદ નગરના પ્રગતિ અને વિકાશ માટેના અંદાજીત ૧૩ કરોડને ૫૩ લાખ રૂપિયાના કામો હાથ ધરવામાં આવનાર છે તે અંતર્ગત હાલ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી વિકાસ યોજના ૨૦૧૯–૨૦–૨૧ ના કામો, ૧૫ માં નાણાંપંચની યોજના હેઠળ કામોના ટેન્ડરો હાલ મંજૂરીમાં છે. તેમજ એસ.બી.એમ ૧.૦–૨.૦, સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ ૨૦૨૨–૨૩ , અમૃત ૨.૦ , ૧૫માં નાણાપંચ હેઠળ ટેન્ડરો જાહેરાતમાં આપેલ છે.

આમ, હાલ ઝાલોદ નગરપાલિકા દ્વારા નગરના વિકાસ માટે ૨૨૫ લાખના કામો હાલ ચાલુ છે અને જુદી જુ દી યોજનાઓ હેઠળ ૬૭૮.૯૦ લાખના ટેન્ડરો મંજુરીમાં છે તેમજ ૪૪૯.૩૪ લાખના કામો નગરપાલિકા દ્વારા ટેન્ડર દ્વારા જાહેરાતમાં આપેલ છે. તે મુજબ અંદાજીત ૧૩ કરોડ ૫૩ લાખના કામો નગરપાલિકા દ્વારા નગરના વિકાસ હેઠળ ખર્ચ કરવામાં આવનાર છે.

# ઝાલોદ તાલુકાના લીમડી કન્યાશાળા ખાતે બાળકો માટેનું “આધાર મેગા કેમ્પ” નું આયોજન યોજાયું



ઝાલોદ,
સંકલિત બાળ વિકાસ યોજના, જિલ્લા પંચાયત દાહોદ થી ૦ થી ૫ વર્ષના બાળકોના નવા આધાર કાર્ડ કાઢવામાં માટે લીમડી કન્યાશાળા સ્થળ પર “આધાર મેઘા કેમ્પ” નું આયોજન કરવામાં આવેલ હતું. આ આધાર મેઘા કેમ્પના આયોજનમાં ૨૦૦ થી વધુ લોકોએ ભાગ લીધો હતો જેથી ૦ થી ૫ વર્ષના જે બાળક પાસે આધાર કાર્ડ નથી. તેઓ બાળકની અસલ જન્મ પ્રમાણપત્ર અને માતા/પિતા માંથી કોઈ એક તેમના અસલ આધાર કાર્ડ સાથે આધાર કેમ્પની જગ્યા પર આવી કેમ્પમાં ભાગ લીધો હતો. આ આધાર મેગા કેમ્પનું આયોજન સુપરવાઈઝર નીતાબેન સાધુની ઉપસ્થિતિમાં સફળતા પૂર્વક યોજાયો હતો.

# લીમખેડા દાહોદ-૨ માં ધોરણ-૬ માં પ્રવેશ મેળવવા માટે આવેદનની મૃદ્દત લંબાવવા બાબત, ફોર્મમાં ભૂલ સૂધારી શકાશે

દાહોદ,
જવાહર નવોદય વિદ્યાલય, લીમખેડા દાહોદ–૨ માં વર્ષ ૨૦૨૩–૨૪માં ધોરણ–૬ માં પ્રવેશ મેળવવા માટે આવેદન કરવા માટેની તા.૧૫.૦૨.૨૦૨૩ સુધી કરવામાં આવી છે તથા ફોર્મમાં ભૂલ સુધારો કરી શકાશે.

શાળાના આચાર્ય પ્રશાંત ચાફલેના જણાવ્યા અનુસાર દાહોદ જીલ્લાની જવાહર નવોદય વિદ્યાલય, લીમખેડા દાહોદ–૨માં ધોરણ–૬ માં પ્રવેશ માટે પ્રવેશ પરીક્ષા તારીખ ૨૯.૦૪.૨૦૨૩ ના શનિવારના રોજ ૧૧:૩૦ કલાકે યોજાશે.

દાહોદ જીલ્લાના–દેવગઢ બારિયા, ધાનપુર, ગરબાડા, લીમખેડા અને સીંગવડ તાલુકાની શાળાઓમાં જ વર્ષ ૨૦૨૨–૨૩ માં ભણતા ધોરણ–૫ ના વિદ્યાર્થીઓ આવેદન ઓનલાઈન વેબસાઈટ https://navodaya.gov.in પર આવેદન કરી શકશે. તથા આવેદન કરવાની અંતિમ તા.૦૮.૦૨.૨૦૨૩ હતી તે પ્રશાસનિક કારણ સર તારીખઃ ૧૫.૦૨.૨૦૨૩ સુધી વધારવામાં આવી છે. તેમજ ઉમેદવારની ઉમર ૦૧.૦૫.૨૦૧૧ થી ૩૧.૦૫.૨૦૧૩ની વચ્ચે (બંને તારીખ મળીને) હોવી જોઈએ.તથા આવેદન ભરેલ ઉમેદવારે ભૂલ સુધારવા માટે તા.૧૬ તથા ૧૭.૦૨.૨૦૨૩ બે દિવસ ઓન લાઈન સુધારો કરી શકશે. આવેદક જે તે તાલુકાના રહેવાસી હોવા જરૂરી છે. આ પરીક્ષાના કેન્દ્રો આ તાલુકાઓમાં નક્કી કરેલ કેન્દ્રો પર રહેશે. તેમ પ્રાચાર્ય પી.આર. ચાફલેએ એક યાદીમાં જણાવ્યું છે.

# ઔદ્યોગિક તાલીમ સંસ્થા લીમખેડા ખાતે તા.૧૩ના રોજ જીલ્લા કક્ષાનો એપ્રેન્ટીસ/પ્લેસમેન્ટ ભરતી મેળો

દાહોદ,
ભારત સરકાર દ્વારા નેશનલ એપ્રેન્ટીસ/પ્લેસમેન્ટ મેળા ૨૦૨૩ અંતર્ગત સમગ્ર દેશમાં તા. ૧૩/૦૨/૨૦૨૩ નારોજ એપ્રેન્ટીસશીપ ભરતી મેળાનું આયોજન કરાયું છે ત્યારે ઔદ્યોગિક તાલીમ સંસ્થા દાહોદ દ્વારા આગામી તા. ૧૩ નારોજ ઔદ્યોગિક તાલીમ સંસ્થા લીમખેડા ખાતે સવારે ૧૦:૦૦ કલાકેથી જીલ્લા કક્ષાનો એપ્રેન્ટીસ/પ્લેસમેન્ટ ભરતી મેળો યોજાશે.

ભરતી મેળામાં જીલ્લાના વિવિધ એકમો તેઓની એપ્રેન્ટીસશીપ વેકેન્સી સાથે હાજર રહેનાર છે. આઈ.ટી.આઈ ફિટર, મીકે.ડિઝલ, મીકે.મોટર વ્હીકલ, વાયરમેન, વેલ્ડર, ઈલેકટ્રીશીયન, કોપા ટ્રેડના પાસ આઉટ તાલીમાર્થીઓ તેમજ બી.એ. તથા બીએસ.સી કરેલ ઈચ્છુક ઉમેદવારોએ તેઓના શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રોઅસલ તેમજ પ્રમાણિત નકલ, આધારકાર્ડ અને પાસપોર્ટ સાઈઝના ફોટા સાથે સ્થળ અને સમય પર રૂબરૂ ઉપસ્થિત રહેવાનું રહેશે. વધુમાં ઉમેદવારોએ પોતાનું રજીસ્ટ્રેશન DGTની વેબસાઈટ https://dgt.gov.in/appmela2022/ પર જઈને કરાવવાનું રહેશે.

# ધાનપુર ખાતે રક્તપિત્ત અંગે જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો



દાહોદ,
દાહોદ જીલ્લાના ધાનપુર તાલુકાના ધાનપુર ગામ ખાતે મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો.શિલ્પા યાદવ અને જિલ્લા રકતપિત્ત અધિકારી ડો.આર.ડી. પહાડીયાના માગેદશેન હેઠળ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર રાછવા ના મેડિકલ ઓફિસર તથા લેપ્રસી સુપરવાઈઝરની ઉપસ્થિતિમાં “સ્પર્શ” રક્તપિત્ત જનજાગૃતિ અભિયાન અંતર્ગત પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર રાછવાના તમામ સ્ટાફ, આર.બી.એસ.કે.ટીમ, CHO, આશા અને આશા ફેસેલીટરની ઉપસ્થિતિમાં હાટબજારની અંદર ભવાઈ (નાટક)ના અલગ અલગ રોલ પ્લે કરીને લોકલ ભાષામા લોકોને સમજ પડે તે રીતે પ્રચાર–પ્રસાર કરવામાં આવ્યો અને પત્રિકાઓનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

રક્તપિત્ત વિશે લોકો સમજે અને દર્દીઓનું માન સન્માન વધે તે હેતુ થી તા. ૩૦ જાન્યુઆરી થી ૧૩ ફેબ્રુઆરી સુધી રક્તપિત્ત વિશે લોકોમાં જનજાગૃતિ ફેલાય તે માટે જુદી જુદી જગ્યાએ જેમ કે, હાટ બજાર, સ્કૂલો, કોલેજમાં પ્રચાર–પ્રસાર માટે ભવાઈ તેમજ વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન ખૂબજ પૂરજોશમાં આરોગ્ય તંત્ર દ્વારા ચાલવામાં આવી રહ્યું છે.

# પોલીસ, પ્રેમને પસ્તાવો : સીનિયરના પ્રેમમાં પડેલી મહિલા સીનિયરના પ્રેમમાં પડેલી મહિલા હોમગાર્ડે દગો મળતા ફિનાઈલ ગટગટાવ્યું

દાહોદ
દાહોદ જિલ્લામાં પ્રેમમાં દગો મળતા મહિલા હોમગાર્ડે આપઘાતનો પ્રયાસ કર્યો હોવાનો મામલો સામે આવ્યો છે. મહિલા હોમગાર્ડ પોતાના જ સીનિયર ટ્રાફિક જમાદારના પ્રેમમાં હતા અને બે વર્ષથી બંને એકબીજાને પ્રેમ કરતા હતો. જોકે, લગ્ન સુધી વાત પહોંચતા પ્રેમીએ હતો આપ્યો હતો. જેથી બોલાચાલી બાદ મહિલા હોમગાર્ડે ફીનાઇલ ગટગટાવ્યું હતું. દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના લીમડી પોલીસ સ્ટેશનમાં ફરજ નિભાવતા મહિલા હોમગાર્ડને પોતાના સીનિયર ટ્રાફિક જમાદાર સાથે બે વર્ષથી પ્રેમ સંબંધ હતો. જોકે, પરિવારજનોને આ પ્રેમ સંબંધની જાણ થતા તેમણે મહિલા હોમગાર્ડને સિનિયર સાથે સંબંધ ન રાખવા સમજાવ્યા હતા. છતાં તેમણે પરિવારની વાત ન માનીને પ્રેમ સંબંધ ચાલું રાખ્યો અને આખું જીવન સાથે નિભાવવાના વાયદાઓ પણ કરી દીધા.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.145

તા.૧૦/૦૨/૨૦૨૩
શુક્રવાર

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## ઘોઘંબાના સીમલીયા નિકોલના શ્રમજીવીનું સાઉથ આફ્રિકામાં મૃત્યુ બાદ

# અંતિમ સંસ્કાર માટે મૃતદેહ ભારત લાવવા માટે સાંસદ દ્વારા વિદેશ મંત્રીને રજુઆત કરાઈ

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના સીમલીયા નિકોલા ગામના શ્રમજીવીનું દક્ષિણ આફ્રિકામાં એક સપ્તાહ પહેલા મોત નિપજવા પામ્યું છે. દક્ષિણ આફ્રિકાથી શ્રમજીવીનો મૃતદેહ અંતિમ સંસ્કાર માટે વતન લાવવા માટે પરિવારજનો ભુખ્યા તરસ્યા બેસી રહ્યા હોય ત્યારે મૃતદેહને ભારત વતનમાં લાવવા માટે ધારાસભ્ય દ્વારા સાંસદને રજુઆત કરવામાં સાંસદ દ્વારા વિદેશ મંત્રાલય સાથે વાતચીત કરી મૃતદેહ ભારત લાવવાના પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા.

ઘોઘંબા તાલુકાના સીમલીયા નિકોલ ગામના બાબુભાઈ બારીયા જે ભુજની કંપની મારફતે છેલ્લા કેટલાય વર્ષોથી રોજગારી અર્થે સાઉથ આફ્રિકા ખાતે ગયા હતા અને છેલ્લા બે વર્ષ પહેલા વતનમાં આવ્યા હતા પછી દક્ષિણ



આફ્રિકા ગયા બાદ છેલ્લ એક સપ્તાહ પહેલા બાબુભાઈ બારીયાનું સાઉથ આફ્રિકા ખાતે મોત નિપજેલ હોય બાબુભાઈના

- સપ્તાહથી સાઉથ આફ્રિકામાં મૃત્યુ પામેલ શ્રમજીવીનો પરિવાર અંતિમ સંસ્કાર માટે મૃતદેહ વતનમાં લાવવાની આશ.
- જીલ્લા કલેકટર દ્વારા શ્રમજીવીના મૃતદેહને ભારત લાવવા જરૂરી કાર્યવાહી કરી.

મૃત્યુના સમાચાર પરિવારજનોને મળતા તેમના મૃતદેહને અંતિમ સંસ્કાર માટે વતન ભારતમાં લાવવા માટે વલોપાત કરી રહ્યા છે અને પરિવારજનો મૃતક બાબુભાઈનો મૃતદેહ ભારત વતનમાં અંતિમ સંસ્કાર માટે સરકાર પાસે મદદ માંગી રહ્યા છે અને મૃતકનો પરિવાર અંતિમ સંસ્કાર માટે મૃતદેહ ભારત લવાય તેવી આશા સાથે છેલ્લા સપ્તાહ થી ભુખ્યો તરસ્યો વલોપાત કરી રહ્યો છે. ધારાસભ્ય દ્વારા બાબુભાઈનો મૃતદેહ વતનમાં લાવવા માટે પંચમહાલ સાંસદ રતનસિંહ રાઠોડને રજુઆત કરતાં સાંસદ દ્વારા જીલ્લા કલેક્ટર મારફતે જરૂરી કાગળી કાર્યવાહી કરીને ભારત વિદેશ મંત્રાલય અને વિદેશ મંત્રીને મળીને પંચમહાલ જીલ્લાના મૃતકનો મૃતદેહ અંતિમ સંસ્કાર માટે ભારતમાં લાવવા માટેના પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે.

## મોરવા હડફ ખાતે HIV અને AIDS ગુજરાત ટેસ્ટ એઈડ્સ કન્ટ્રોલ સોસાયટી અને નેહરૂ યુવા કેન્દ્ર ગોધરા દ્વારા અવેરનેસ કાર્યક્રમ યોજયો




મોરવા(હ),

નવાગામ મોરવા હડફ ખાતે નેહરૂ યુવા કેન્દ્ર ગોધરા અને ગુજરાત ટેસ્ટ એઈડ્સ કન્ટ્રોલ સોસાયટીના સહયોગ થી ટ્રાયબલ યુથ માટે HIV-AIDS અને TB અવેરનેસ કાર્યક્રમ યોજાયો. નેહરૂ યુવા કેન્દ્ર ગોધરાના જિલ્લા યુવા અધિકારી વિઠ્ઠલભાઈ તથા ગુજરાત ટેસ્ટ એઈડ્સ કન્ટ્રોલ સોસાયટી ડેપ્યુટી ડાયરેક્ટર મનુભાઈ વાઘેલાએ HIV અને AIDજશું છે તેનો ચેપ કઈ રીતે લાગી શકે છે તથા તેનાથી કેવી રીતે બચી શકાય છે તથા HIV સાથે જીવતા લોકો સાથે પ્રેમ સહાનુભૂતિ રાખી સમક્ષ વાતાવરણનું સર્જન કરી HIV ની સાથે સ્વસ્થઅને લાંબુ જીવન જીવવા મદદરૂપ થવા માર્ગદર્શન આપ્યું. TB લક્ષણો વિશે માહિતી આપી. HIV ની સેવાઓ માટે ગુજરાતના સેવા કેન્દ્ર અને સહાય યોજનાઓની માહિતી આપી સાથે HIV સાથે જીવતા લોકો માંથી ક્લેલ અને ભેદભાવ દૂર કરવા માટે સાંસ્કૃતિક યુવક મંડળ જગદીશ બારોટ અને સાથી કલાકારો દ્વારા નાટક અને ભવાઈ દ્વારા સમક્ષ વાતાવરણ બનાવવા નાટક રજુ કર્યું તેમજ ગુજરાત સરકાર ૧ લાખ ૩૦ હજાર આસપાસ કેસો હાલમાં હોય ત્યારે વધારે જાગુર્તિ અને સાવધાની રાખવી તેમજ દવાઓ અને આવવા અને જવવા માટે બસ ભાડું તમામ પ્રકારની સહાય સરકાર દ્વારા આપવામાં આવે છે.

# હાલોલ-વડોદરા રોડ ઉપર નર્મદા કેનાલ નજીક આલણશી ગામ પાસેથી સ્ટેટ વીજીલન્સની ટીમે દારૂની કટીંગ સ્થળે રેડ કરી ૧.૫૦ લાખનો દારૂ ઝડપ્યો

હાલોલ,

હાલોલ વડોદરા રોડ ઉપર આવેલી નર્મદા નહેર નજીકના આલણશી ગામની નવી નગરી પાસે હાલોલ રૂરલ પોલીસની હદ માંથી સ્ટેટ વિજિલન્સની ટીમે દરોડો પાડી વિદેશી દારૂનું વિતરણ કરતી એક કાર બે સ્કૂટર સાથે દોઢ લાખ રૂપિયાની કિંમતના વિદેશી દારૂ સાથે સાડા ચૌદ લાખ રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. હાલોલ તાલુકા ઉપરાંત સરહદી ગામડાઓમાં બેફામ બનેલા વિદેશી દારૂનો ગેરકાયદે ધંધો ચલાવતાં બુટલેગરોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો. વહેલી સવારે ત્રાટકેલી સ્ટેટ વિજિલન્સની ટીમે વિદેશી દારૂના જથ્થા સાથે એકને પકડી પાડી હાલોલ તાલુકાના ચાર વાઘોડિયા તાલુકાના ૨ અને ૨ અન્ય ઈસમો મળી ૮ સામે કાર્યવાહી હાથ ધરી છે.

હાલોલ તાલુકાના ગામડાઓ તથા હાલોલ તાલુકાને



અડીને આવેલા સરહદી ગામડાઓમાં વિદેશી દારૂની બદીએ માજા મૂકી છે. ત્યારે અનેક ગામડાઓ આવા વિદેશી દારૂના સ્ટેન્ડોથીધમધમી રહ્યાં હોવાની અનેક બુમો ઉઠવા પામી છે. સ્થાનિક પોલીસ દ્વારા આવા વિદેશી દારૂના વેચાણ ઉપર અંકુશ લાવવાના નિષ્ફળ પ્રયાસો વચ્ચે બુટલેગરો સરહદી વિસ્તારનો લાભ લઈ બિન્દાસ બની પોતાનો ગેરકાયદે ધંધો ચલાવવા સફળ થઈ રહ્યા છે. તેવામાં આજે સ્ટેટ વિજિલન્સની ટીમ દ્વારા દરોડો પાડી હાલોલ પોલીસની



હદમાંથી નાના નાના વાહનોમાં વિતરણ થઈ રહેલા દોઢ લાખ રૂપિયાની કિંમતના વિદેશી દારૂના જથ્થા સાથે સાડા ચૌદ લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

રાજયભરમાં પ્રોહીબિશનની પ્રવૃત્તિઓ અટકાવવા સ્ટેટ મોનીટરીંગ સેલ સતત કાર્યરત છે. ત્યારે પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકાના સરહદી ગામડાઓમાં ધમધમતા આવા વિદેશી દારૂના સ્ટેન્ડો ઉપર નિયંત્રણ લાવવા હાલોલ રૂરલ પોલીસના સતત નિષ્ફળ પ્રયાસો વચ્ચે તાલુકાના અનેક ગામડાઓમાં આવી અવૈધ પ્રવૃત્તિઓ ચલાવવામાં નામી બુટલેગરો સફળ રહ્યા છે. આજે વહેલી સવારે હાલોલ વડોદરા રોડ ઉપર આવેલી નર્મદાની મુખ્ય નહેર નજીક રામેશરા તરફ આવેલા આલણશી ગામ પાસે હાલોલ રૂરલ પોલીસની હદમાં આવી જ પ્રવૃત્તિ ઝડપાઈ હતી. સ્ટેટ વિજિલન્સ દ્વારા કરવામાં આવેલી રેડમાં દોઢ લાખ રૂપિયાના ભારતીય બનાવટના પ્લાસ્ટિક, કાચના બોટલ અને બિયરના જથ્થા સાથે એક હ્યુન્ડાઈ ક્રેટા, બે સ્કૂટર, મોબાઈલ સહિત સાડા ચૌદ લાખ રૂપિયાનો મુદામાલ જપ્ત કરી હાલોલ રૂરલ પોલીસ મથકમાં લાવતા હાલોલ રૂરલના નાક નીચે પકડાયેલા વિદેશી દારૂના જથ્થાથીહાલોલ પોલીસની પ્રોહીબિશનની કામગીરી ઉપર સવાલો ઉભા થઈ રહ્યાં છે.

વિજિલન્સની ટીમે દારૂના જથ્થા સાથે હાલોલ તાલુકાના કુંપાળિયા ગામના નરેન્દ્ર ઉર્ફે ટેટોને પકડી પાડ્યો હતો. અને ભાગી છૂટેલા અન્ય સાત મળી કુલ આઠ આરોપીઓ સામે કાર્યવાહી હાથ ધરી હતી. ભાગી છૂટેલા હાલોલના કુંપાળિયાના અન્ય બે અમે આંબા તળાવનો એક મળી ત્રણ તથા વાઘોડિયા તાલુકાના જારોદનો એક, ગુતાલનો એક અને અન્ય બે ઈસમ મળી કુલ ભાગી છૂટેલા સાત ઈસમો સાથે આઠ સામે કાર્યવાહી કરી હતી.

**: હાલોલ તાલુકાના પકડાયેલા બુટલેગરો :**

૧. નરેન્દ્ર ઉર્ફે ટેટો જશવંતભાઈ ગોહિલ (કંપાળિયા).

**: હાલોલ તાલુકાના ફરાર બુટલેગરો :**

૨. ભરત ઉર્ફે કચો કનુભાઈ ગોહિલ (કંપાળિયા).
૩. રાજેન્દ્ર ઉર્ફે મંગો કનુભાઈ ગોહિલ (કંપાળિયા).
૪. પ્રવીણ ઉર્ફે પરીઓ ચીમનભાઈ સોલંકી (આંબા તળાવ).
૫. દારૂના જથ્થા સાથે પકડાયેલી ક્રેટા ગાડીનો મલિક

**: વાઘોડિયા તાલુકાના ફરાર બુટલેગરો :**

૬. વીરલ અશોકભાઈ જયસવાલ (જરોદ).
૭. ગબો (ગુતાલ).
૮. મોબાઈલ નંબર ૯૩૨૭૭૩૭૧૫૪ વાળા ઈસમ.

# ગોધરા તાલુકાના દરૂણીયા ખાતે કલેકટરની અધ્યક્ષતામાં રાત્રી ગ્રામસભા યોજાઇ

ગોધરા,

પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના દરૂણીયા ખાતે કલેકટર સુજલ મયાત્રાની અધ્યક્ષતામાં રાત્રી ગ્રામસભા યોજાઈ હતી. આ સભામાં ગામના લોકો મોટી સંખ્યામાં જોડાયા અને યોજનાકીય બાબતો અને પ્રશ્નો અંગે રજૂઆત કરાઈ હતી. આ સાથે સ્થળ પર જ વિવિધ પ્રશ્નોનો ઉકેલ લાવવામાં આવ્યો હતો.




આ પ્રસંગે વિવિધ વિભાગોમાંથી ઉપસ્થિત અધિકારીઓએ સરકારની ચાલતી વિવિધ યોજનાઓ અને તેના લાભ વિશે ગ્રામલોકોને માહિતી આપી હતી. જેમાં ગંગા સ્વરૂપા વિધવા સહાય યોજના, ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ સહાય યોજના, નિરાધાર વૃદ્ધ આર્થિક સહાય, રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના, અંત્યોદય યોજના, બેન્કેબલ યોજના, માનવ કલ્યાણ યોજના, પાલક માતા પિતા યોજના, દિવ્યાંગ સાધન સહાય યોજના, સંત સૂરદાસ યોજના, વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ અંતર્ગત યોજનાઓ વગેરેની માહિતી પૂરી પડાઈ હતી. ખેતીવાડી અધિકારી દ્વારા પ્રાકૃતિક ખેતી અને તેનું મહત્વ વિશે સમજાવતાં વિસ્તૃત માહિતી પૂરી પડાઈ હતી. ગ્રામસભાએ સરકાર અને વહીવટી તંત્ર વચ્ચે સેતુરૂપ ભૂમિકા ભજવે છે. લોકોના દ્વારે પ્રજાના પ્રશ્નો સાંભળવા અને મુશ્કેલીઓ દૂર કરવા રાત્રી અને દિવસીય ગ્રામસભાઓ યોજવામાં આવે છે.

આ પ્રસંગે જિલ્લા કલેકટર અને પ્રાંત અધિકારી ગોધરાએ ગ્રામ લોકો સાથે સંવાદ સાધી સ્વાસ્થ્ય, પુરવઠા, પાણી, શિક્ષણ, રસ્તા, વૃધ્ધ પેન્શન, બસ સેવા, ખેતી, ખેતીમાં નુકસાન કરતા જંગલી પ્રાણીઓ વગેરે જેવા પ્રશ્નોનું સ્થળ ખાતે નિરાકરણ લાવવા સબંધિતોને સૂચનાઓ આપી હતી. આ સાથે સરકારની ચાલતી વિવિધ યોજનાઓ વિશે લોકોને માહિતગાર કર્યા હતા.

આ પ્રસંગે જિલ્લા કલેકટરએ ગ્રામજનોને સંબોધન કરતાં જણાવ્યું હતું કે જિલ્લા વહીવટીતંત્ર છેવાડાના વ્યક્તિ સુધી પહોંચી તમામ પ્રકારની મદદ માટે કટિબદ્ધ છે. આ ગામમાં આજે હેલ્થ વેલનેસ સેન્ટર શરૂ કરાયું છે.

આ તકે પ્રાંત અધિકારી ગોધરા દ્વારા ગ્રામલોકોને રાશન, શિક્ષણ, આંગણવાડી, મધ્યાહનભોજન બાબતે પ્રશ્નોતરી કરી જવાબ મેળવ્યા હતા.

આ રાત્રી સભામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી, મામલતદાર, પોલીસ ઈન્સ્પેકટર, તાલુકા વિકાસ અધિકારી સહિત સબંધીત વિભાગોના અધિકારીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## ૧૩ ફેબ્રુઆરીના રોજ પંચમહાલ જિલ્લાનો પ્રધાનમંત્રી એપ્રેન્ટિસ ભરતી મેળો યોજાશે

ગોધરા,

પંચમહાલ જીલ્લા કક્ષાનો એપ્રેન્ટીસ ભરતી મેળો આઈ.ટી.આઈ, કાલોલ અને આઈ.ટી.આઈ, હાલોલ ખાતે તા.૧૩/૦૨/૨૦૨૩ નારોજ સવારે ૯:૩૦ વાગ્યાથી શરૂ થનાર છે. જેમાં જિલ્લાના વિવિધ એકમો તેઓની વેકેન્સી સાથે હાજર રહેશે. આ ભરતી મેળામાં આઈ.ટી.આઈ પાસ લાયકાત ધરાવતા ઉમેદવારો ભાગ લઈ શકે છે. આ મેળામા જોડાવા ઈચ્છુક ઉમેદવારોએ તેઓના જરૂરી પ્રમાણપત્ર અને તેની નકલો સાથે રૂબરૂ હાજર રહેવું. સદર ભરતી મેળામા જોડાવા ઈચ્છુક ઉમેદવારોની ચેઆપેલ લિંકમાં રાજ્ય ગુજરાત અને જિલ્લો પંચમહાલ પસંદ કરી રજીસ્ટ્રેશન કરવાનું રહેશે જે લિંક https://dgt.gov.in/appmela2022/candidate છે તેમ ઔધોગિક તાલીમ સંસ્થા ગોધરાના આચાર્યએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# ઘોઘંબા ધુળ વારા રોડ ઉપર દોરવામાં આવેલા સફેદ પાટા બે દિવસમાં ઝાંખા પડ્યા



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

ઘોઘંબા સ્વામિનારાયણ મંદિરથી વરીયા હાઈસ્કુલ સુધીના રોડનું વાઈડિંગ એન્ડ સ્ટ્રેઘનીંગ ટુ બારીયા રાજગઢ લીંકરોડનું કામ કર્યા બાદ રોડની વચ્ચેના ભાગે દોરવામાં આવતા સફેદ પાટાઓ સૌરભ એજન્સી દ્વારા કરવામાં આવેલ કામ તદ્દન અયોગ્ય અને બોગસ હોવાનું લોકમુખે ચર્ચાય છે. મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનામાં R&B દ્વારા આપવામાં આવેલ એજન્સી દ્વારા રોડનું કામ હલકી કક્ષાનું અને ગુણવત્તા વગરનું થયું હોવાનું નરી આંખે નજરે પડે છે. રોડનું કામ પૂર્ણ થયા બાદ રોડ પર અપ અને ડાઉન માટેના નિશાની માટે સફેદ પાટા દોરવામાં આવે છે. સફેદ પાટા દોરતા પહેલા એજન્સી દ્વારા નીતિ નિયમો મુજબ રોડને પાણીથી સાફ કર્યા બાદ રોડ સુકાય ત્યારબાદ તેના પર સફેદ પાટાનું ચિત્રણ કરવામાં આવે છે પરંતુ ઘોઘંબા ખાતેના આ રોડમાં ધુળ અને કચરો સાફ કર્યા વગર ગમે તેવા રોડ પર સફેદ પાટાનું ચિત્રણ કરવામાં આવ્યું છે. જેનું આયુષ્ય ખૂબ જ ટૂંકું હશે જે પાટા બેજ દિવસમાં ઝાંખા થઈ ગયેલા નજરે પડે છે, તેમજ ઈજારદાર અધૂરૂ કામ મૂકી જતાં રહ્યા છે. પરિણામે તંત્ર દ્વારા સાઈડ પર મૂકવામાં આવેલ સરકારી માણસ દ્વારા યોગ્ય ધ્યાન આપવામાં ન આવતા એજન્સીના માણસોએ રોડ પર સફેદ પાટાનું ચિત્રણ કરી દેતા એવું ફલિત થાય છે કે તંત્ર અને એજન્સીની મિલીભગતથી સરકારી રૂપિયાનો દુરૂપયોગ થાય છે. જેનો સીધો માર સામાન્ય માણસો અને મધ્યમ વર્ગ પર પડે છે. આ અંગે તંત્ર યોગ્ય તપાસ કરી બિલ અટકાવશે ખરૂં.




- મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનામાં R&B દ્વારા આપવામાં આવેલ એજન્સી દ્વારા રોડનું કામ હલકી કક્ષાનું અને ગુણવત્તા વગરનું ?
- રોડ માં ધુળ અને કચરો સાફ કર્યા વગર ગમે તેવા રોડ પર સફેદ પાટાનું ચિત્રણ કરવામાં આવ્યું છે. જેનું આયુષ્ય ખૂબ જ ટૂંકું હશે.
- પાટા બેજ દિવસ માં ઝાંખા થઈ ગયેલા નજરે પડેછે તેમજ ઈજારદાર અધૂરૂ કામ મૂકી જતાં રહ્યા.
- સૌરભ એજન્સી દ્વારા કરવામાં આવેલ કામ તદ્દન અયોગ્ય અને બોગસ હોવાની લોકમુખે ચર્ચા.